


# જીવનનું અમૃત

જૈન દર્શન પ્રરૂપિત જ્ઞાનનું સૂક્ષ્મતમ અને સ્પષ્ટતમ નિરૂપણ

પ્રેરક

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્
**વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**



પ.પૂ. સકલસંઘહિતચિંતક ન્યાયવિશારદ

આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

શ્રી ભુવનભાનુ-પદાર્થ-પરિચય-શ્રેણિ-૮

।। જયઉ સવ્વણ્ણુસાસણં-શ્રી વર્ધમાનસ્વામિને નમઃ ।।
।। શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષ-હેમચંદ્રગુરૂભ્યો નમઃ ।।

# જીવનનું અમૃત

(જૈન દર્શન પ્રરૂપિત જ્ઞાનનું સૂક્ષ્મતમ અને સ્પષ્ટતમ નિરૂપણ)

-: પ્રેરક :-
પ.પૂ. સકલસંઘહિતચિંતક આધ્યાત્મિક-શિબિર-આદ્યપ્રણેતા
આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા

-: લેખક :-
પ.પૂ. સરસ્વતી લબ્ધપ્રસાદ આચાર્યદેવ શ્રીમદ્
**વિજયરત્નસુંદરસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન
પ.પૂ. વિદ્વદગ્રણી મુનિરાજશ્રી **ભવ્યસુંદરવિજયજી** મ.સા.

-: સંયોજક :-
પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્
**વિજયહેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન
પ.પૂ. પંન્યાસજી શ્રી **સંયમબોધિવિજયજી** મ.સા.

-: પ્રકાશક :-
**જૈનમ્ પરિવાર**

વીર સં. ૨૫૪૦ • વિ. સં. ૨૦૭૦ • ઇ.સ. ૨૦૧૪

NAME

# જીવનનું અમૃત

*Jeevananu Amrut*

*Author's Name* **પ.પૂ. મુનિરાજશ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.**

***P.P. Munirajshree Bhavyasundervijayji M.S.***

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન...©

પ્રથમ આવૃત્તિ • ૩૦૦૦ નકલ

**મૂલ્ય રૂા. ૫૦.૦૦**

**-: સંશોધક :-**

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયઅજિતશેખરસૂરિજી મ.સા.**

પ.પૂ. પંન્યાસજી **શ્રી મહાબોધિવિજયજી મ.સા.**

**-: પ્રાપ્તિ સ્થાન :-**

- **જૈનમ્ પરિવાર**, અમદાવાદ. મો. ૮૯૮૦૧૨૧૭૧૨
- **દિવ્યદર્શન**, ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા, જિ. અમદાવાદ.
- **મયંકભાઇ પી. શાહ**, મો. ૯૮૨૧૦ ૯૪૬૬૫
- **દેવાંગ અરવિંદભાઇ શાહ**, મો. ૯૩૨૨૨૭૭૩૧૭
- **અમિતભાઇ કે. શાહ**, વડોદરા મો. ૯૮૯૮૫૮૬૨૨૪
- **હસિત દિપકભાઇ બંગડીવાલા**, સુરત મો. ૯૪૨૭૧ ૫૮૪૦૦

સ્વસંપત્તિના સદ્વ્યય દ્વારા જેમણે
શાસનને સમૃદ્ધ અને પોતાના પરલોકને સદ્ધર બનાવ્યા

# શ્રુતપ્રેમી ગુરૂભક્ત પરિવાર

**શ્રી ભુવનભાનુ-પદાર્થ-પરિચય-શ્રેણિના**
**પ્રમુખ જ્ઞાનદ્રવ્ય દાતા**

- શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિ પૂજક તપગચ્છ જૈન સંઘ-ઘાટકોપર (ઇ.)
- શ્રી રાંદેર રોડ શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘ સુરત




श्री भुवनभानु-पदार्थ-परिचय श्रेणि
तत्त्वज्ञानश्रेणि के प्रस्तुत प्रकाशन में
प.पू.पंन्यासजी श्री संयमबोधिविजयजी म.सा. की प्रेरणा से
श्री सीमंधरस्वामि जैन संघ, अंधेरी (पूर्व) ने
अपने ज्ञाननिधिसे सुंदर लाभ लिया है ।
मूल्य चुकाये बिना जैन गृहस्थ इस की मालकियत न करे ।

## પૂજ્યપાદ
## ગચ્છાધિપતિશ્રીનો
# અનુજ્ઞાપત્ર

શ્રી તીર્થંકર પરમાત્મા સર્વોત્કૃષ્ટ પુણ્યશાળી અને શક્તિશાળી હોય છે કારણ કે તે
હોય છે - તેઓ સર્વજ્ઞ થતા પૂર્વે શાસન - મોક્ષમાર્ગ સ્થાપવાનું પ્રણિધાન આવા જે હોય
તેને જિન કહેવાય તેઓ જે ધર્મ સ્થાપે તેને જૈનધર્મ કહેવાય - તે ધર્મને સ્વીકારનાર
આરાધનાર માનનારને જૈન કહેવાય આવા ઉત્કૃષ્ટ પુણ્ય અને શક્તિશાળી હોનાર પરમાત્મા
જૈનધર્મ જ સ્થાપે ત્રિભુવનનો આ કાયદો છે એ અવશ્ય સર્વજ્ઞ થયા બાદ જ શાસન સ્થાપે
એમનું શાસન જે સ્વીકારે છે તેમાં પ્રથમ સ્વીકારનારા સંયમ ગ્રહણ કરનાર તેમના મુખ્ય
શિષ્યો અનુયાયીઓ બનનાર અમુક સંખ્યામાં નિયત હોય છે તેમને ગણધર કહેવાય
પછી ભલાભલા તે સર્વજ્ઞ હોય પરંતુ એમને પ્રભુના આશીર્વાદથી એટલે પ્રભાવથી
એટલું જ્ઞાન શક્તિ લબ્ધિ પૂર્ણ તરત પ્રગટ થાય છે કે ભલાભલા એમને પણ
સર્વજ્ઞ માનવા પ્રેરાય છે આવા જે મહાપુરુષો સર્વજ્ઞ વાસના સિદ્ધ અને વાસ્તવમાં
સર્વજ્ઞ ન હોવા છતા વાસ્તવિક કક્ષા આ બંને અનુક્રમે શ્રી તીર્થંકર ભગવાન અને
શ્રી ગણધર ભગવાન કહેવાય છે શ્રી તીર્થંકર ભગવાન એક કાળે

ભરતક્ષેત્રમાં એક જ હોય પરંતુ એમ ભગવાનના આવા પ્રભાવપુણ્યશાળી
ગણધર શિષ્ય અનેક અનેક હોય - બધા ગુરુભાઈઓ અને પ્રાયઃ સમાન
શક્તિવાળા પરમાત્મા સમ જેવા ભાસતા હોય છે શ્રી પરમાત્માના હાથે એમના
શિર સ્થાપે આ ગણધર ભગવંતો પરમ ઉત્કૃષ્ટ થતા નથી પરમાત્મા કૈવલ્ય
જ્ઞાન પામીને આ શાસન પ્રરૂપે છે અને એ ગણ શિષ્યોને શાસન વહન કરવા
સંભાળવા સ્થાપે છે સ્થાપના પૂર્વે પરમાત્મા એ ત્રિપદી શિષ્યોને સાંભળતામાં
એમના પ્રશ્નોના ઉત્તર રૂપે સાંભળતામાં ચૌદપૂર્વનું જ્ઞાન થાય છે અને એ શબ્દો પોતાને
મળેલ જ્ઞાનના બળથી પ્રભુના પ્રભાવ અને પુણ્યથી શાસન માટેના સર્વ પ્રકારના
માર્ગો ઉપાયો વિધાનો તત્ત્વો વગેરે સૂત્રાર્થ રૂપે રચે છે નિરૂપણ કરે છે તેમાં
પ્રભુ જે વ્યાખ્યાન આપે તે સંક્ષિપ્ત રૂપે છે અને ગણધર દેવો સૂત્ર રૂપે બાર
અંગ રચે છે અને એનો અર્થ વિસ્તારે છે      આ થયા બાદ તરત જ ભગવાન

એ રચનાને પ્રામાણિક તરીકે પોતાના જ્ઞાનથી નિશ્ચિત કરેલા ઉપાધિથી ગણધરપદ એટલે પ્રામાણિકતાની અનુજ્ઞા અને એમને પ્રભુ પદની અનુજ્ઞા – અને શ્રી સંઘની શાસનના સંચાલનની અનુજ્ઞા આપે છે આ અનુજ્ઞાને તીર્થસ્થાપના કહેવાય. આ સ્થાપના પ્રભુના કેવળજ્ઞાન પછી તરત પ્રથમ દેશનામાં જ થાય છે પ્રભુ મહાવીરસ્વામીની પ્રથમ દેશના અપવાદિક નિષ્ફળ હતી. એ પણ એક કદાચિત બનનારી વસ્તુ છે બાકી દરેક પ્રભુ પ્રથમ દેશનામાં શ્રી શાસન સ્થાપના ગણધર સ્થાપના કરે છે અને સંઘ શાસન સંચાલન ગણધરોને સોંપે છે – પછી પ્રભુ જીવન પર્યંત દેશના આપ્યા કરે પરંતુ એ જ્ઞાનને તૈયાર કરવાની જવાબદારી ગણધર એવા શિષ્યોને સોંપવાની હોય છે એ શિષ્યો જેવી રીતે શાસન સંભાળવા અપાવવા સક્ષમ તૈયાર કરેલા હોય છે જેમ સમોવડિયા એવા રાજકુમાર હોય છે.

જેમ માતાપિતા બાળ નાનામોટાની મર્યાદાને પાળનારા ગુણોત્તમ હોય છે જેમ જ પરમાત્મા જેમ તીર્થપણું તરત અવશ્ય મોક્ષે જાય છે તેમ જેમ જ ગણધર દેવો પણ તદ્ભવ પછી તરત અવશ્ય મોક્ષે જાય છે – પ્રભુ તીર્થંકર દેવ વગર શાસન સ્થપાતું નથી તેમ એ ગણધર વગર શાસન વહન થતું નથી. આવા ગણધરોને ભગવાન ઉત્પન્નાદિ ત્રિપદીના શ્રવણમાં સર્વ શ્રુત જ્ઞાન અને આચાર સંપન્ન હોય છે આમાં કુંડા અવસર્પિણીના ચોવીસ તીર્થંકરના આવે છે આવ્યા છે તે અનંત કાળે ક્રમાંક જ થાય છે હતા. સુધર્મા સ્વામી જેમ ઉગ્ર તપ સંપન્ન છે આપણા ગણધરથી પરંપરાનો સ્વયં પણ ઉદયને કરે છે શાસનને વહન કરે છે તેમ પ્રભુ શાસન જિનશાસન અવિચ્છિન્ન અવિરત ચાલતું આવે છે રહે છે રહેશે. આ પ્રભાવ છે પ્રભુનો અને સર્વજ્ઞભાષિત તત્ત્વજ્ઞાનનો અને જ્ઞાનદ્વારા પ્રગટ કરેલ લોકોત્તર પવિત્ર આચારની જીવન પદ્ધતિનો.

પ્રભુએ ઉગ્ર ધ્યાની છે ઉગ્ર આચાર સંપન્ન મહાસંયમી છે ઉગ્ર વૈરાગી
ના ઉપર સર્વ સામર્થ્યથી આધ્યાત્મિક [illegible] છે તેમ પ્રભુ શાસનના મુખ્ય
આરાધક એવા જે અનુસરવા ઉત્કૃષ્ટ ત્યાગ સદા રહે છે એવા
જૈન. સાધુની સાધુતા વિશ્વભરની અજોડ છે જગતમાં એની
સરખામણી છે પ્રભુ માર્ગની આરાધના જ્ઞાન, આચાર અને શાસ્ત્ર
શાસનના ઉપર નિર્ભર છે આરાધકોએ આ સાથે માં [illegible] ઉપયોગી છે
[illegible] જરૂરી છે નહિ [illegible] માં પણ સર્વત્ર આવી [illegible]. પ્રભુનું
શાસન, આજના [illegible] પ્રભુ [illegible] છે [illegible] છે પણ એક [illegible] છે
આ શાસનના [illegible] એક [illegible] હેય ઉપાદેય પદાર્થોનો પણ
બોધ [illegible] છે એ [illegible] હેય પદાર્થનું જ્ઞાન અને ઉપાદેય પદાર્થનું જ્ઞાન
પણ જરૂરી છે માટે પ્રભુ શાસનના સર્વ [illegible] જ્ઞાનની [illegible]

અનુભવ

પ્રભુ શાસનમાંથી શાસ્ત્રોમાંથી [illegible] મહાત્માઓએ
સાધુ ભગવંતોએ અનેક વિષયોની વિવેચનયુક્ત સંક્ષિપ્ત રૂપરેખા રૂપે
પુસ્તક પુસ્તિકાઓ તૈયાર કરી - કરાવ્યા છે તે કરનાર કરાવનારને ધન્યવાદ છે
પ્રભુ શાસનની એક વિશિષ્ટ સેવા બજાવી છે તે અનુમોદના પૂર્વક
આમાં સહયોગ આપનારને ધન્યવાદ. અનુમોદના કરું છું-
છદ્મસ્થપણાના કારણે આ પુસ્તક પુસ્તિકાઓમાં જે કાંઈ વિપરીત સમજાયું હોય
ખાસ તે વિવેક પૂર્વક [illegible]

લિ. [illegible]

૨૦૬૯ ફા. વ. ૧૨. ડીસા - અમદાવાદ.



# પ્રકાશકીય

અનંતજ્ઞાનગુણસંપન્ન તીર્થંકર ભગવંતો મોહના અંધકારમાં અથડાતા જીવોને સુખની ઓળખ અને સાચા સુખનો માર્ગ મળે તે માટે જ્ઞાનના પ્રકાશનું છૂટે હાથે દાન કરવા કેવલજ્ઞાની બન્યા પછી રોજ બે દેશના=છ કલાક જિનવાણી પ્રકાશે છે.

શાસનની સ્થાપના બાદ તુર્ત જ ગણધર ભગવંતોએ વ્યક્ત કરેલી તત્ત્વ-જિજ્ઞાસાના પ્રત્યુત્તરમાં પ્રભુએ સમગ્ર સંસાર સ્વરૂપને ઓળખવાની ચાવી રૂપ ત્રિપદી પ્રકાશી. **'ઉપ્પન્ને ઇ વા, વિગમે ઇ વા, ધુવે ઇ વા'**, અને એ ત્રિપદીના નાના દ્વારમાં છુપાયેલો મહાતત્ત્વખજાનો ગણધર ભગવંતોએ પોતાની વિશિષ્ટ પ્રજ્ઞાથી દ્વાદશાઙ્ગીરૂપે પ્રગટ કર્યો...

જિનશાસનના સારસર્વસ્વસમો એ દ્વાદશાંગીનો પ્રવાહ કાળબળે વિલુપ્ત થતો રોકવા પૂર્વાચાર્યોએ લેખન-વિવેચનસર્જન અને પ્રકરણ-ભાષ્ય આદિ ઉદ્ધરણરૂપે સતત પુરૂષાર્થ કરી ટકાવ્યો...પરંતુ કાળનું વિષમ આક્રમણ નિતનવા રૂપો ધારણ કરે છે. સંસ્કૃત-પ્રાકૃત ગિરાનો પ્રવાહ રુંધાયો અને પુણ્યપુરૂષોએ લોકબોલીમાં પ્રભુવાણીની ધારા વહાવી...

પ.પૂ. સકલસંઘહિતચિંતક યુવાજનોદ્ધારક આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**એ કોઇ પુણ્યવંતી ધન્યપળે જિનશાસનના તત્ત્વજ્ઞાનને વિષયવાર વિભાજિત કરી સરળ ભાષામાં પ્રકાશિત કરવાનો વિચાર વહેતો મૂક્યો...વર્ષો બાદ પ.પૂ. પરમાત્મભક્તિનિમગ્ન **આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય પ.પૂ. પંન્યાસજી શ્રી **સંયમબોધિવિજયજી મ.સા.**એ ગુરૂભક્તિથી એ વિચારને સાકાર કરવા કમર કસી, જબરદસ્ત જહેમત ઉઠાવી. અનેક મહાત્માઓને વિનંતી કરતા તે મહાત્માઓએ પણ શ્રુતભક્તિ, ગુરૂભક્તિ અને સંઘભક્તિના આ અવસરને વધાવી લીધો, જેની અમે ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

પ.પૂ. શાસ્ત્ર-શાસનમર્મજ્ઞ **આચાર્યદેવ શ્રીમદ્ વિજયઅજિતશેખરસૂરીશ્વરજી મ.સા.** તથા પ.પૂ. બહુશ્રુત પ્રવચનપટુ પંન્યાસજી શ્રી **મહાબોધિવિજયજી મ.સા.** એ આવેલ તમામ લખાણને પોતાની શાસ્ત્ર-પરિકર્મિત મતિથી સંશોધિત કરી આપ્યું છે તે બદલ પૂજ્યશ્રીઓના અત્યંત ઋણી છીએ.

નિશ્ચિત કરેલા ૪૦ થી અધિક વિષયોમાંથી પ્રથમ ચરણ રૂપે ૧૧ પુસ્તકોનો સેટ પ્રકાશિત કરી રહ્યા છીએ, તેમાં **જીવનનું અમૃત (જૈન દર્શન પ્રરૂપિત જ્ઞાનનું સૂક્ષ્મતમ અને સ્પષ્ટતમ નિરૂપણ)** પુસ્તક **પ.પૂ. મુનિરાજ શ્રી ભવ્યસુંદરવિજયજી મહારાજ સાહેબશ્રી**એ આગવી શૈલીમાં અને તમામ તત્ત્વોનો સમાવેશ કરીને લખી આપેલ છે. પૂજ્યશ્રીની શ્રુતભક્તિની અંતરથી અનુમોદના...અમારી વિનંતિનો સ્વીકાર કરી સારગ્રાહી પ્રસ્તાવના **'માધવ'**ના ઉપનામથી લખી આપનાર પૂ.મુનિવરશ્રીને ભાવભરી વંદના.

પ્રિન્ટીંગનું કાર્ય દિલ દઇને કરી આપનાર શુભાય આર્ટ્સવાળા **દિનેશભાઇ મુડકર્ણી**ને પણ હજારો સલામ. પ્રાન્તે, શાસનની, સંઘની, શ્રુતની સર્વતોમુખી સેવા સાતત્યપૂર્વક, સમર્પણપૂર્વક અને સફળતાપૂર્વક કરી શકીએ એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના..

**જૈનમ્ પરિવાર**

## ભવોદધિતારક પ.પૂ. ગુરૂદેવશ્રીનો આશિર્વાદ પત્ર

નમો નમઃ શ્રીગુરુપ્રેમસૂરયે।

સુવિશાળ ગચ્છના સર્જક સ્વ. સિદ્ધાંતમહોદધિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા.

શ્રમણ્યમોક્ષ તેમને વિચાર સર્જન કર્યું. સંવત ૧૯૮૭માં પિંડવાડા ચાતુર્માસ પ્રસંગે દેવ-ગુરુ સાથે ચાર ઠાણા હતા. આજે સ્વર્ગસ્થ અને હયાત થઈને લગભગ હજારથી વધુ મુનિઓનું સમાજ છે. અનેક જ્ઞાની, ગીતાર્થ, તપસ્વી, પ્રવચનકારો, કવિઓ, બહુશ્રુતો - સંયમીઓના વિશાળ સમુદાયના તેઓ સર્જક બન્યા.

તેઓશ્રીના પટ્ટધર, જીવન ભર સુધી ગુરુ ભગવંતની ઇચ્છાઓની પૂર્તિ કરવાનું કાર્ય જ જેમણે કર્યું તે સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા.

શ્રેષ્ઠ સંયમ, ઉગ્ર તપ સાથે વિશિષ્ટ જ્ઞાન-પ્રાપ્તિ એ એમની વિશેષતા હતી. પ્રભુ શાસન અને સંઘની સેવામાં આખું જીવન સમર્પિત કર્યું. પ્રબળ પુરુષાર્થ કર્યો. જીવનની છેલ્લી સંધ્યા સુધી અપ્રમત્ત સાધના સાથે તેઓએ અત્યંત સમાધિ સાથે પરલોક પ્રયાણ કર્યું. બુદ્ધિ બૃહસ્પતિ જેવી હતી. તેથી પ્રભુશાસન અને સંઘના અભ્યુદય માટે અનેક પ્રકારની યોજનાઓ તેમના મનમાં રમતી. જેવી કે

(૧) પ્રભુ શાસન અને સંઘના અભ્યુદય માટે સંયમી, જ્ઞાની તપસ્વી સાધુઓના વિશાળ સમુદાયનું સર્જન કરવું.

(૨) પ્રભુ શાસનના વિશાળ સાહિત્યની રક્ષા કરવી. ઉત્સૂત્ર ઉન્માર્ગનો પ્રતિકાર કરી પ્રભુ શાસનની રક્ષા કરવી.

(૩) સાધુ-સાધ્વીઓ નિર્મળ સંયમનું કરે તે માટે વિશાળ ક્લાસો વાચનાઓ આપવી.

(૪) શ્રાવક શ્રાવિકાઓને પણ વ્રત, પચ્ચક્ખાણ વગેરે ધર્મપ્રવૃત્તિઓમાં જોડવા।

(૫) જમાનાના વાયુમંડળમાં ગુમરાહ બનેલી નવી પેઢીને જૈનશાસનના સિદ્ધાંતોમાં વ્યવસ્થિત કરવી.

(૬) જૈનેતરો પણ જૈનશાસનને સમજી શકે તેવા પ્રબંધો કરવા. આવી પેઢી સુધી જોવાની તેમની પાસે દૃષ્ટિ હતી.

જીવનની અંતિમ ક્ષણ સુધી અપ્રમત્ત પણે સંયમ તપનું પાલન કરવાની સાથે જૈનશાસન તેમજ સંઘના અભ્યુદય માટે તેઓ ઝઝૂમ્યા.

ઉદ્દેશો એવા એમના શિષ્યાદિ પરિવાર પણ ગુરુના કાર્યને આગળ ધપાવી રહ્યા છે. બસો સાધુઓ મૂકી ગયેલા ગુરુદેવનો ગચ્છ આજે તેમ એવા પાંચસો ઉપરાંત મુનિઓની સંખ્યા તરફ આગળ વધી રહ્યો છે. વાચનાઓ, પ્રવચનો, શિબિરો, વગેરે પ્રવૃત્તિઓ પણ સ્વ ગુરુદેવની ઇચ્છા મુજબ સુંદર ચાલી રહી છે

જૈનશાસનના પ્રત્યેક અંગોને પ્રગટ કરતી તેમની યોજનાની પૂર્તિ માટે શાહપુર ખાતે 'માનસ મંદિર'ની સ્થાપના પણ થઈ ગઈ છે. (જો કે એમાં અંતરાયો થયા છે, પણ પૂજ્યશ્રીની યોજના રૂપ બનાવી ગોઠવી રહ્યા છીએ.)

વિવિધ વિષયો પર નાની નાની પુસ્તિકાઓ સરળ ભાષામાં તૈયાર થાય અને લોકો વાંચી લાભ પ્રાપ્ત કરી શકે, સરળતાથી સમજી શકે તે રીતે પૂજ્યપાદ વિવિધ વિષયોનું જ્ઞાન સરળતાથી આપવાની ગુરુદેવની ઇચ્છા પૂર્ણ કરવાનો પ્રારંભ મારા શિષ્ય પંન્યાસ સંયમબોધિવિજયજી જે કરી રહ્યા છે, તે ખૂબ પ્રશંસનીય અને આનંદનો વિષય છે. પં. સંયમબોધિવિજયજી પણ સારા શાસ્ત્રજ્ઞ છે. સંયમ તપમાં પણ સારા આરાધક છે. શાસન પ્રભાવના પણ સુંદર કરે છે. આ કાર્યમાં તેઓ સુંદર સફળતાને પ્રાપ્ત કરે એટલું જ નહિ પણ સ્વની અંતરંગ આરાધના સાથે શાસન રક્ષા-અભ્યુદયની ગુરુદેવની અન્ય ઇચ્છાઓને પણ પૂર્ણ કરવા પ્રયત્નશીલ બને અને સફળતાને વરે એજ શુભેચ્છા-શુભાશિષ.

હેમચંદ્રસૂરિ

ધનતેરસ, સં ૨૦૫૯

સુરેન્દ્રનગર

# જ્ઞાનના તેજોમય
# પ્રદેશની યાત્રા

જૈન દર્શનની પદાર્થ વ્યવસ્થા સર્વથા અવિસંવાદી છે, એવું સર્વદર્શનના જાણકારોની બુદ્ધિએ સ્વીકાર કર્યો છે...જ્ઞાન વિશે જૈનધર્મની સૂક્ષ્મતા બિનહરીફ તો છે જ, સાથે જીવનવ્યવહારો સાથે સંવાદિ પણ છે. નૈયાયિકો જ્ઞાનને મુક્તાત્મામાં નથી માનતા અને ઇશ્વરમાં નિત્યજ્ઞાન માને છે. સાંખ્યો જ્ઞાનને પ્રકૃતિનું જ તત્ત્વ ગણે છે. મીમાંસક પાસે મુક્તિ નથી અને ઇશ્વર નથી તેથી જ્ઞાનની સત્તા પ્રકૃતિગત થઇ જાય છે. બૌદ્ધોના યોગાચારમાં જ્ઞાનને આત્મસ્વરૂપ માન્યું છે.

જૈનદર્શને આત્માના અનંત ગુણોમાં જ્ઞાનને પણ એક ગુણ ગણ્યો છે. આ ગુણ દરેક જીવમાં અને જીવની દરેક અવસ્થામાં વિકૃત કે અવિકૃતરૂપે ડોકીયું તો કરે જ છે. માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે નિગોદમાં પણ અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો છે..

આમ તો દરેક ગુણનો અનંતમો ભાગ ઉઘાડો હોય છે, છતાં જ્ઞાનની પ્રધાનવિવક્ષા એટલા માટે છે, કે તે પ્રદિપની જેમ સ્વપરપ્રકાશક છે. કર્મયુક્ત સર્વે જીવોના સર્વ ગુણો / અવગુણો, ઔદયિક ચેષ્ટાઓ અને ઔપશમિક પરિણામો વિ. સર્વ અવસ્થામાં અભિવ્યક્તિ ઊભી કરનાર તત્ત્વ જ્ઞાનગુણ છે. લજામણીનો સંકોચ અને બકુલનો વિકોચ, નાળીયેરની બદ્ધમૂલતા અને રુદંતીનો શોક, આ બધી વનસ્પતિમાં પણ દેખાતી અભિવ્યક્તિનું ઉપાદાન કારણ જ્ઞાનગુણ છે. અભિવ્યંજકતાને લીધે જ્ઞાનગુણ આત્માની કર્મયુક્ત અવસ્થામાં પણ સમસ્ત અચેતન દુનિયાથી આત્માને વેગળો જાહેર કરે છે...માટે જ ઘણા સ્થળોએ चेतनालक्षणो जीवः-જીવની આવી વ્યાખ્યા આપી છે.

કર્મયુત અવસ્થામાં મિથ્યાત્વ મોહથી વિકૃત થયેલા જ્ઞાનગુણને અજ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાનનો અભાવ અને વિપરીત જ્ઞાન બંને સમાન કાર્ય કરે છે. લક્ષથી દૂર રાખવાનું...માટે મિથ્યાત્વમોહથી કલંકિત જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને અજ્ઞાનરૂપ જ ગણવામાં આવે છે, અને મિથ્યાત્વરહિત અવિકૃત જ્ઞાનગુણને જ જ્ઞાનરૂપે બિરદાવ્યો છે.

તેમાં પ્રથમ બે જ્ઞાન મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન છે, જે ઇન્દ્રિયસાપેક્ષ હોવાથી પરોક્ષ છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન પ્રાયઃ પરસ્પર સાપેક્ષ છે.

**મતિજ્ઞાન :** બે પ્રકારે છે, શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત. ઔત્પાતિકી વિગેરે ૪ પ્રકારની બુદ્ધિ તે અશ્રુતનિશ્રિત છે...શ્રુતનિશ્રિતમાં ઇન્દ્રિયો અને મન સાથે અર્થાવગ્રહ, ઇહા, અપાય અને ધારણાના ૨૮ ભેદ થાય છે. શ્રુતજ્ઞાનના અક્ષરશ્રુત વિગેરે ૧૪ ભેદ છે...

મતિજ્ઞાનનું બીજુ નામ **આભિનિબોધિક જ્ઞાન છે. નંદિસૂત્રમાં** સરળ વ્યાખ્યા આપતા કહે છે. 'इन्द्रियमनोनिमित्तो योग्यदेशावस्थितवस्तुविषयः स्फुटप्रतिभासो बोधविशेषो इत्यर्थः' ઇન્દ્રિય અને મનના સહકારે યોગ્યદેશમાં રહેલી વસ્તુનો સ્પષ્ટ પ્રતિભાસરૂપ બોધવિશેષ, તે છે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની વ્યાખ્યાને પણ સરળતાથી રજુ કરી છે.

वाच्यवाचकभावपुरस्सरीकारेण शब्दसंस्पृष्टार्थग्रहणहेतुरूपलब्धिविशेषः ।

વાચ્યવાચકભાવની પ્રધાનતાથી શબ્દમાંથી ઉપજતા અર્થના ગ્રહણના કારણભૂત જ્ઞાનશક્તિને શ્રુતજ્ઞાન કહ્યું છે અને તે પણ ઇન્દ્રિય અને મનના નિમિત્તથી જ થાય છે.

श्रुतं च तद् ज्ञानं च=श्रुतज्ञानम्=સાંભળેલું જ્ઞાન, સંભળાયેલું જ્ઞાન, બોલાતું જ્ઞાન, એ શ્રુતજ્ઞાન છે.

પાંચ જ્ઞાનમાં બોલકું જ્ઞાન શ્રુતજ્ઞાન છે, અને તેથી તે અતિ ઉપકારી છે. અનભિલાપ્ય અનંત ભાવો છે. તેનાથી અનંતમા ભાગે અભિલાપ્ય ભાવો છે જે બોલી શકાય છે. તેનો અનંતમો ભાગ ૧૪ પૂર્વમાં ગણધરોએ ગુંથ્યો છે. અક્ષરોની સંખ્યા સમાન હોવા છતાં પૂર્વધરોને અર્થલાભમાં ફરક ષટ્સ્થાન પતિત હોય છે. તેનું કારણ છે મતિશ્રુતજ્ઞાનનો તે તે પૂર્વધરને થયેલો યથામાત્રાનો ક્ષયોપશમ...આત્મપ્રત્યક્ષથી થનાર જ્ઞાન ત્રણ છે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન. અવધિજ્ઞાનને ક્ષેત્ર અને દ્રવ્યમાં મર્યાદા છે માટે નામ છે અવધિજ્ઞાન, ક્ષેત્રમાં દેવ-નારકને આશ્રયીને નીચે-નીચેનું જાણી શકાય છે અને દ્રવ્યમાં રૂપીમાત્રમાં જ પ્રવૃત્તિ થાય છે. પરંતુ આ જ્ઞાનમાં થતો અર્થસાક્ષાત્કાર તે સીધો આત્મામાંથી થાય છે. આ જ્ઞાનના અનુગામી વિગેરે ૬ ભેદ છે.

મનઃ પર્યવજ્ઞાનથી મનના ભાવો જાણી શકાય છે. તેના બે ભેદ છે. ઋજુમતિ, વિપુલમતિ. પહેલા કરતા બીજું સ્પષ્ટતમ હોય છે.

કેવળજ્ઞાન એ કેવળ છે. એક જ છે. મતિજ્ઞાન વિગેરેથી નિરપેક્ષ છે. સંપૂર્ણ જ્ઞાન થયા પછી અધુરા જ્ઞાન વિલય પામે છે, અને આત્માથી અભિન્નરૂપે સર્વપદાર્થ પ્રકાશક લોકાલોકવ્યાપી કેવળજ્ઞાન સહજરૂપે વિલસે છે.

આત્મામાં રહેલા જ્ઞાનગુણ પર પાંચ જાતના જ આવારક કર્મો હોવાથી અનાવરણ પામતા સર્વજ્ઞાનસમુદાયનો સમાવેશ આ પાંચ જ્ઞાનમાં થઇ જાય છે. જૈન દર્શનમાં જ્ઞાનવિષયક જ્ઞાનસમૃદ્ધિના આ ઉપરછલ્લા દર્શનથી પણ એટલું સમજી શકાય છે. આ કોઇ મીમાંસા નથી પણ કેવળજ્ઞાનના બળે પીરસાયેલું કેવળ સત્ય છે. આપણને મળેલા આગમો અને શાસ્ત્રો એ સત્યરૂપી ઘૃતના ભંડાર છે. આપણી બુદ્ધિને એનું સમુચિત વિધિથી પાન કરાવીએ તો આરૂગ્ગબોહિલાભ મળ્યા વગર ન જ રહે...મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આ બેની પણ સમ્યગ્ઉપાસના ઉઘડ્યા વિનાના તમામ આત્મપ્રદેશોને મુક્તિ કાજે સફાળા કરવા સમર્થ છે. सा विद्या या विमुक्तये...

જ્ઞાનના આવા તેજોમય પ્રદેશનો પ્રવાસ કરાવી રહ્યા છે...મુનિવરશ્રી **ભવ્યસુંદરવિજયજી મ.સા.** સ્વયં જ્ઞાનગંગામાં મસ્ત છે, સ્પષ્ટ અને સ્વસ્થ જ્ઞાન એ એમનો જીવનમંત્ર છે અને જ્ઞાનપ્રસાદીનું વિતરણ એ એમની જીવન પ્રણાલિ છે...આવા મુનિવરના માધ્યમે આપણે મોક્ષમાર્ગની ત્રિપદીમાંના એક તત્ત્વ જ્ઞાનના તેજોમય વિસ્તારને ખુંદતા ખુંદતા કેવળજ્ઞાનના પરમોચ્ચ પ્રદેશને વરીએ એ જ મંગલ શુભાભિલાષા...

**માધવ**

# જીવનનું અમૃત

જેના વડે પદાર્થ જણાય તે જ્ઞાન. જ્ઞાન એ આત્મા(જીવદ્રવ્ય)નો ગુણ છે.

જૈન દર્શન બે પ્રકારનો બોધ માને છે.

૧) સામાન્ય બોધ, ૨) વિશેષ બોધ.

દા.ત. દૂરથી જોતાં સામે કંઇક છે, એવો ખ્યાલ આવે તે સામાન્ય બોધ છે અને માણસ છે / ઝાડનું ઠૂંઠું છે. એવો ખ્યાલ આવે તે વિશેષ બોધ છે. સામાન્ય બોધને જૈન શાસનમાં 'દર્શન' કહેવામા આવે છે. અને વિશેષ બોધને 'જ્ઞાન' કહેવામાં આવે છે.

જ્ઞાન એ જીવનો સ્વાભાવિક ગુણ છે. એટલે જો કોઇ કર્મરૂપ આવરણ ન હોય તો જીવ સ્વભાવથી જ સંપૂર્ણ જ્ઞાન ધરાવે છે. ત્રણે કાળના-ત્રણે લોકના સર્વ પદાર્થોને જાણે છે. જેને કેવળજ્ઞાન કહે છે. પરંતુ અનાદિકાળથી જીવ ઉપર કર્મનું આવરણ છે જ, જે તેના સ્વભાવને ઢાંકે છે. તેમાં દર્શનાવરણ કર્મથી દર્શન ઢંકાય છે, અને જ્ઞાનાવરણ કર્મથી જ્ઞાન ઢંકાય છે. છતાં કોઇપણ કર્મ જીવના ગુણાને સંપૂર્ણપણે ઢાંકી શકતું નથી, નહીં તો જીવ પોતાના સ્વભાવ વિનાનો થતાં અજીવરૂપ બની જાય...

એટલે જ્ઞાનાવરણ કર્મથી ઢંકાયા પછી પણ જીવને કેટલુંક જ્ઞાન તો હોય જ છે.

જૈન દર્શનમાં જ્ઞાન મુખ્ય બે પ્રકારનું છે.

**૧) પ્રત્યક્ષ** - જે બાહ્ય કોઇ પણ સામગ્રી (ઇન્દ્રિય, મન વિ.) ની સહાય વિના સીધું આત્માને થાય તે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે.

૨) **પરોક્ષ** - જે આત્માને સીધું થતું નથી, ઇન્દ્રિયાદિ સામગ્રી દ્વારા થાય છે તે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે. તેમાં પણ ઇન્દ્રિય-મન દ્વારા થતુ મતિજ્ઞાન એ સંવ્યવહારથી પ્રત્યક્ષ ગણાય છે (જેને નૈયાયિકો વગેરે પ્રત્યક્ષ કહે છે.)

અને શાસ્ત્રવચન-અનુમાનાદિથી થતાં મતિ-શ્રુતજ્ઞાન તો પરોક્ષ જ છે.

મિથ્યાત્વીના જ્ઞાનને અજ્ઞાન (વિપરીત જ્ઞાન) કહેવાય છે.

**પ્રશ્ન** - મિથ્યાત્વી પણ ઘડાને 'ઘડો' જ માને છે-તો પછી તે અજ્ઞાન કેમ કહેવાય ?

**ઉત્તર** - સમ્યક્ત્વી ઘડાને સ્યાદ્વાદદૃષ્ટિથી પૂર્ણપણે જાણે છે. અર્થાત્ ઘડો ભૂતકાળની અપેક્ષાએ માટીનો ઢગલો પણ છે, ભવિષ્યકાળની અપેક્ષાએ ઠીકરું પણ છે, વિ. બધું જાણે છે-સ્વીકારે છે.

મિથ્યાત્વી એક જ દૃષ્ટિકોણ (વર્તમાન)ની પક્કડવાળો હોવાથી કદી ઘડાને પૂર્ણપણે જાણતો નથી. ઊલટું આ ઘડો જ છે, માટી કે ઠીકરું નથી, એમ માને છે, તે જ્ઞાન વિપરીત જ હોવાથી અજ્ઞાન છે.

તેમ મિથ્યાત્વીને જ્ઞાનના ફળરૂપ વિરતિ અને મોક્ષ ન થતા હોવાથી તેને જ્ઞાન છે જ નહીં, અજ્ઞાન જ છે.

મિથ્યાત્વીને ૩ જ્ઞાન થઇ શકે - મતિ, શ્રુત અને અવધિ, જેને મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન અને વિભંગજ્ઞાન કહેવાય છે.

એક જીવને એક સાથે ૧,૨,૩ કે ૪ જ્ઞાન હોઇ શકે.

૧) માત્ર કેવળજ્ઞાન

૨) મતિ-શ્રુત જ્ઞાન અથવા મતિ-શ્રુત અજ્ઞાન

૩) મતિ-શ્રુત-અવધિ જ્ઞાન અથવા મતિ-શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાન અથવા મતિ-શ્રુત-મનઃપર્યવ જ્ઞાન.

૪) મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યવજ્ઞાન

મતિ-શ્રુત જ્ઞાન (કે અજ્ઞાન) વિનાનો કોઇ જીવ હોતો નથી. સૂક્ષ્મ નિગોદના જીવને પણ અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન તો હોય જ છે.

# કેવળજ્ઞાન

જીવ પરનું જ્ઞાનાવરણ કર્મ સર્વથા નાશ પામી જાય તો જીવનો સ્વાભાવિક જ્ઞાનગુણ પ્રગટ થાય છે, જેને કેવળજ્ઞાન કહે છે. કેવળજ્ઞાનમાં એક સાથે-પ્રત્યેક સમયે ત્રણે લોકના-ત્રણે કાળના-સર્વ દ્રવ્યોના-સર્વ પર્યાયોનું જ્ઞાન થાય છે.

કેવળજ્ઞાન થાય પછી મતિ વિ. જ્ઞાનો હોતા નથી. અહીં આ વાત દૃષ્ટાંતથી સમજીએ-ચોમાસાની ઋતુમાં ઘનઘોર વાદળો છવાયેલા હોય ત્યારે ભરદિવસે પણ ઘણું અંધારું થઇ જતું હોય છે. જો કે રાત જેવું અંધારું થતું નથી. જ્યારે વાદળો સાથે સૂર્ય સંતાકુકડી રમે ત્યારે ક્યારેક સૂર્યના કિરણો કાણામાંથી બહાર આવતા દેખાય છે. સૂર્ય સમાન જીવનો જ્ઞાનસ્વભાવ છે. ઘનઘોર વાદળા એ કેવળજ્ઞાનાવરણ કર્મ છે, જે સૂર્યના પ્રકાશને ઢાંકી દે છે, તેથી કેવળજ્ઞાન થતું નથી. પણ આ વાદળામાં વચ્ચે ક્યાંક ક્યાંક થોડાં છિદ્રો હોય છે, જે મતિ વિ. જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમરૂપ છે. તેમાંથી થોડો થોડો પ્રકાશ આવે છે, તે મતિ વિ. જ્ઞાનો છે. હવે જો વાદળા સંપૂર્ણ દૂર થઇ જાય તો સૂર્યનો પૂર્ણ પ્રકાશ આવે, પછી કાણાંમાંથી આવતો પ્રકાશ ન રહે; તેમ કેવળજ્ઞાનાવરણ કર્મનો ક્ષય ક્ષતાં પૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટ થઇ જતાં બાકીના મતિ વિ. જ્ઞાનો રહેતા નથી. એટલે એકલું-માત્ર તે જ હોવાથી જ તેને કેવળજ્ઞાન કહેવાય છે.

કેવળજ્ઞાન શાશ્વત છે. અર્થાત્ આવ્યા પછી અનંતકાળ સુધી રહે છે, કદી નાશ પામતું નથી. કેવળજ્ઞાન એક જ છે, પેટાભેદ નથી. તે શુદ્ધ, પરિપૂર્ણ, અનંત (અનંત દ્રવ્યો અને તેની અવસ્થાઓને જાણનાર) અને અવ્યાઘાતી છે. મતિ વિ. જ્ઞાનનો ઉપયોગ જીવે કરવો પડે છે. દા.ત. સામે આ પુસ્તક હોવા માત્રથી વંચાઇ જતું નથી, ઇચ્છાપૂર્વક વાંચવું પડે છે.

તેમ અવધિજ્ઞાન દ્વારા કંઇ જાણવું હોય તો ઉપયોગ મૂકવો પડે, તો જ જાણી શકાય, અન્યથા નહીં. જ્યારે કેવળજ્ઞાનનો ઉપયોગ મૂકવો પડતો નથી. અરીસામાં જેમ વસ્તુનું પ્રતિબિંબ પડ્યા જ કરે, તેમ કેવળજ્ઞાનથી સર્વ પદાર્થો જણાયા જ કરે છે.

કેવળજ્ઞાનની સાથે કેવળદર્શન પણ હોય જ છે. બંનેનો ઉપયોગ વારા-ફરતી ૧-૧ સમય માટે રહે છે. જે સમયે કેવળજ્ઞાન થાય તેના પ્રથમ સમયે કેવળજ્ઞાન, પછી કેવળદર્શન, પછી કેવળજ્ઞાન એમ ઉપયોગનું પરાવર્તન થયા કરે છે. કેવળદર્શનથી સર્વ પદાર્થોનો સામાન્ય બોધ અને કેવળજ્ઞાનથી વિશેષ બોધ થાય છે.

કેવળજ્ઞાન સમયે ઇન્દ્રિયાદિથી થતાં મતિજ્ઞાન હોતા નથી. એટલે કેવ-ળજ્ઞાનીને આંખ હોવા છતાં આંખથી જોતા નથી, કાનથી સાંભળતા નથી, નાકથી સૂંઘતા નથી, જીભથી ચાખતા નથી કે ચામડીથી સ્પર્શનો અનુભવ કરતા નથી. બધાનું જ્ઞાન તેમને કેવળજ્ઞાનથી જ થાય છે. અરિહંતની દેશના સાંભળવા ઔચિત્યથી કેવલી ભગવંતો જાય છે, પણ કાનથી સાંભળતા નથી, કેવળજ્ઞાનથી જ દેશના જાણે છે. જે પોતાના સ્થાને બેઠાં બેઠાં પણ જણાય જ છે. ગોચરી વાપરે, તેમાં લાડવો આવે તો જીભથી તેની મીઠાશનો અનુભવ કરતા નથી, કેવળજ્ઞાનથી જ લાડવો મીઠો છે, તે જાણે છે.

તેમ તેમને વિચારરૂપ ભાવમન નથી હોતું.

**પ્રશ્ન** - કેવલી ભગવંત ગોચરી શા માટે વાપરે ?

**ઉત્તર** - કેવલી ભગવંતને ઔદારિક શરીર છે, વેદનીય કર્મનો ઉદય છે. તેમાં ક્ષુધા વેદનીયનો ઉદય પણ હોય છે, તેથી ભૂખ લાગે છે, અને શરીર આહાર વિના ટકી શકે નહીં. તેથી આહાર કરે છે.

બધા સિદ્ધ ભગવંતોને તો કેવળજ્ઞાન છે જ. મનુષ્યલોકમાં દરેક કાળે ઓછામાં ઓછા ૨ કરોડ અને વધુમાં વધુ ૯ કરોડ કેવલી ભગવંતો વિદ્યમાન હોય છે.

**કેવળજ્ઞાનની પ્રાપ્તિ** - અપ્રમત્તપણે ચારિત્રનું પાલન કરતા પ્રથમ સંઘયણ ધરાવનારા સાધુને દેશ-કાળ અનુકૂળ હોય, અર્થાત્ મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળે, ભરત-ઐરવતમાં ઉત્સર્પિણીમાં ત્રીજા-ચોથા આરામાં અને અવસ-ર્પિણીમાં ત્રીજા-ચોથા-પાંચમા આરામાં વિશિષ્ટ અધ્યવસાયથી ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ થાય તો ચાર ઘાતીકર્મોનો નાશ કરી તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

મનુષ્યપણામાં કેવળજ્ઞાનનો ઉત્કૃષ્ટ કાળ દેશોન ક્રોડ પૂર્વ છે.

કેવળજ્ઞાન પામ્યા પછી કેવલિ ભગવંત વ્યવહારથી સાધુધર્મનું પાલન કરે છે.

જો ગૃહસ્થપણામાં જ કેવળજ્ઞાન થયું હોય તો સાધુવેશ લે.

કેવળજ્ઞાન સમયે દેવતાઓને ખ્યાલ આવે તો મહોત્સવાદિ કરે, પણ તેવો નિયમ નથી. કોઇને ખબર ન પડે તેવું પણ બની શકે છે. શાસ્ત્રમાં **કૂર્માપુત્ર** કેવલિનું દ્રષ્ટાંત આવે છે. જેઓ કેવલિ બન્યા પછી પણ દેવતાને ખ્યાલ ન આવતા છેક સુધી ગૃહસ્થવેષમાં જ રહેલ. તેવી જ રીતે સાધુપણામાં કેવળજ્ઞાન પામેલ પરંતુ દેવતાથી અજ્ઞાત કેવલી આવશ્યકતા મુજબ પોતાની કે બીજાની ગોચરી લેવા જાય. જેમ **અર્ણિકાપુત્ર આચાર્ય**ની ગોચરી લેવા **પુષ્પચૂલા** કેવલી સાધ્વીજી જતા હતા. પાછળથી આચાર્યશ્રીને ખ્યાલ આવતા બંધ કર્યું. બીજાને ખબર પડે કે કેવળજ્ઞાન થયું છે તો કેવલીની ભક્તિ ન લે.

કેવળજ્ઞાની ભગવંતનું આયુષ્ય પૂર્ણ થવા આવે ત્યારે જો વેદનીય વિગેરે ૩ કર્મોની સ્થિતિ આયુષ્યકર્મ કરતા વધારે હોય તો ૮ સમયના કેવલિ સમુદ્ઘાત વડે બધા કર્મોની સ્થિતિ સમાન કરે.

ત્યારબાદ યોગનિરોધ કરીને અયોગિ થાય. જ્યાં પાંચ હ્રસ્વ સ્વર (અ, ઇ, ઉ, ઋ, લૃ)ના ઉચ્ચારણ જેટલો કાળ રહે. તે સમયે સર્વસંવર હોય છે અર્થાત્ બિલકુલ કર્મબંધ હોતો નથી. ત્યાર પછી આયુષ્ય પૂર્ણ થતાં અસ્પૃ-શદ્ગતિથી ૧ સમયમાં મોક્ષે જાય.

અસ્પૃશદ્ ગતિ એટલે વચ્ચેના આકાશપ્રદેશોને સ્પર્શ્યા વિના જાય.

જે અવસ્થામાં રહીને આયુ પૂર્ણ થાય તેમાં શરીરના પોલાણોને પૂરી દઈને આત્મા ઘન બને એટલે તેની અવગાહના ૧/૩ ભાગ ઓછી થાય. એટલી અવગાહનામાં તેનો આત્મા સિદ્ધક્ષેત્રમાં રહે.

કેવલિ ભગવંત સંસારમાં રહે ત્યાં સુધી માત્ર ૧ શાતાવેદનીય કર્મ બાંધે. તેની સ્થિતિ માત્ર ૨ સમયની હોય છે. પ્રથમ સમયે બંધાય અને બીજા સમયે ભોગવાઇને ખરી જાય. તેને ઇર્યાપથિક (= યોગથી થતો) કર્મબંધ કહે છે. સાંપરાયિક (કષાયથી થતો) કર્મબંધ તેમને હોતો નથી.

કેવલિને અશાતા, દુ:સ્વર વિ. અશુભ અઘાતી કર્મોનો ઉદય હોઇ શકે છે. અનાદેય, અપયશ વિ.નો નથી હોતો. તીર્થંકર કેવલિને તેવી અશુભ પ્રકૃ-

તિનો ઉદય ન હોય. યોગ્ય ભવ્ય જીવોને કેવલિ દેશના આપે, દીક્ષા પણ આપે.

અનંતા કેવલિઓ એવા પણ થઇ ગયા છે કે જેઓ કેવળજ્ઞાન થયા પછી એક પણ દેશના આપ્યા વિના જ મોક્ષે ચાલ્યા ગયા. તેમને મૂકકેવલિ કહેવાય છે.

આયુષ્યના છેલ્લા અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન પામીને તરત મોક્ષે જનારાને અંતઃકૃત્ કેવલિ કહેવાય છે. (**ગજસુકુમાળ** વિ.)

આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં પ્રથમ કેવળજ્ઞાન **ઋષભદેવ ભગવાન**ને થયું. છેલ્લે **જંબૂસ્વામી**ને થયું. ત્યારબાદ કેવળજ્ઞાનનો વિચ્છેદ થયો. હવે આવતી ઉત્સર્પિણીમાં પ્રથમ તીર્થંકર **પદ્મનાભ સ્વામી**ને પહેલું કેવળજ્ઞાન થશે.



# મન : પર્યવજ્ઞાન

દેવો, નારકો, ગર્ભજ મનુષ્યો અને ગર્ભજ તિર્યંચો લાંબુ વિચારવાની શક્તિ ધરાવે છે, જેને દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવાય છે, અને આ જીવો સંજ્ઞી કહેવાય છે.

વિચારવા માટે તેઓ મન:પર્યાપ્તિ દ્વારા આકાશમાંથી મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. તેને દ્રવ્યમન રૂપે બનાવે છે. તેના આધારે તેઓ વિચાર કરે છે-જે ભાવમન કહેવાય છે.

આપણે જેવો વિચાર કરીએ છીએ / કરવો હોય તેવું દ્રવ્યમન બને છે. દા.ત. ઘડાનો વિચાર કરીએ તો દ્રવ્યમન ઘડા જેવું બને.

મન:પર્યવ (અથવા મન:પર્યાય) જ્ઞાનથી, અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી જીવોના દ્રવ્યમનને જાણી શકાય છે. અર્થાત્ આનું દ્રવ્યમન ઘડા જેવું છે તે જાણી શકાય અને તેના પરથી તે ઘડાનો વિચાર કરી રહ્યો છે, તે જાણી શકાય છે. તે ભાવમન અર્થાત્ વિચાર તો અરૂપી હોવાથી મન:પર્યવજ્ઞાનથી જણાતું નથી, પણ મન:પર્યવજ્ઞાનથી જણાયેલા દ્રવ્યમનના આધારે, મતિ-શ્રુતજ્ઞાન દ્વારા તેના ભાવમનનું-વિચારનું અનુમાન થઇ શકે છે.

મન:પર્યવજ્ઞાન, સંજ્ઞી જીવે ગ્રહણ કરેલ મનોવર્ગણાના પુદ્ગલોને જ જાણી શકે છે, આકાશમાં રહેલા મનોવર્ગણાના પુદ્ગલોને નહીં. તેમ બીજા કોઇ પણ દ્રવ્યને જાણી શકતું નથી.

મન:પર્યવજ્ઞાન ૭મા ગુણસ્થાનકે રહેલા અપ્રમત્ત સાધુને જ ઉત્પન્ન થાય છે. તે સમયે તેમને મતિ-શ્રુતજ્ઞાન નિયમથી હોય છે. અવધિજ્ઞાન હોય પણ ખરું અને ન પણ હોય. એટલે કે અવધિજ્ઞાન ન હોય તેને પણ મન:પર્યવજ્ઞાન થઇ શકે છે.

અઢી દ્વીપની બહાર પણ સંજ્ઞી જીવો છે ખરા, પણ તેમના દ્રવ્યમનને મન:પર્યવજ્ઞાનથી જાણી શકાતું નથી.

મન:પર્યવજ્ઞાનથી ઉત્કૃષ્ટથી ભૂત અને ભવિષ્યકાળમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળ સુધીના મનોદ્રવ્યને જાણી શકાય છે.

અરિહંત પરમાત્મા દીક્ષા લે તે સમયે તેમને અવશ્ય મન:પર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

મનઃપર્યવજ્ઞાનના બે પ્રકાર છે.

૧) ઋજુમતિ અને ૨) વિપુલમતિ.

ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન કરતાં વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનથી વસ્તુ વધારે સ્પષ્ટ જાણી શકાય છે.

જેને વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન થાય, તેને તે જ ભવમાં અવશ્ય કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, અર્થાત્ તે ચરમશરીરી હોય છે. નિયમા મોક્ષમાં જાય છે.

એક જીવને મનઃપર્યવજ્ઞાન ઉત્કૃષ્ટથી દેશોન ક્રોડ પૂર્વ (૧ પૂર્વ = ૭૦,૫૬૦ અબજ વર્ષ) સુધી રહી શકે. સંપૂર્ણ વિશ્વમાં મનઃપર્યવજ્ઞાની જીવોની કુલ સંખ્યા ઓછામાં ઓછી ૨ હજાર અને વધુમાં વધુ ૯ લાખ હોઇ શકે.

પ્રશ્ન - મનઃપર્યવજ્ઞાનથી માત્ર મન જ દેખાય છે, બીજા દ્રવ્યો નહીં. તો પછી દિવાલ પાછળ રહેલી વ્યક્તિનું મન દેખાય, તેથી વિચાર જણાય; પણ વ્યક્તિ તો દેખાતી નથી, તો પછી તે વિચાર કોના છે, તે કેવી રીતે જણાય ?

ઉત્તર - વિશિષ્ટ શ્રુતજ્ઞાનના બળથી. (ઇતિ **શ્રીજયઘોષસૂરયઃ**)

હાલ ભરતક્ષેત્રમાં મનઃપર્યવજ્ઞાનનો વિચ્છેદ થયેલો છે.



# અવધિજ્ઞાન

જગતમાં રહેલા છ દ્રવ્યોમાંથી માત્ર પુદ્‌ગલ દ્રવ્ય રૂપી છે, અર્થાત્ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ધરાવે છે.

અવધિજ્ઞાનથી નિયત ક્ષેત્ર અને કાળમાં રહેલ અમુક રૂપી દ્રવ્યોને જાણી શકાય છે.

જેમ જેમ અવધિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ વધતો જાય, તેમ તેમ અવધિજ્ઞાન નિર્મળ થતું જાય અને તેથી વધુ મોટા ક્ષેત્ર, વધુ લાંબા કાળમાં રહેલ વધુ સૂક્ષ્મ દ્રવ્યો પણ તેનાથી જાણી શકાય.

ક્ષેત્રથી વિચારીએ તો અવધિજ્ઞાન ઉત્કૃષ્ટથી સંપૂર્ણ લોકમાં રહેલા રૂપી દ્રવ્યોને જાણી શકે, ઉપરાંત અલોકમાં પણ અમુક મર્યાદા સુધીમાં રહેલા રૂપી દ્રવ્યોને જાણી શકે, પરંતુ અલોકમાં રૂપી દ્રવ્યો જ ન હોવાથી જાણવાનો પ્રશ્ન નથી રહેતો.

કાળથી વિચારીએ તો અવધિજ્ઞાન ભૂત અને ભવિષ્યમાં અસંખ્ય કાળચક્ર (ઉત્સર્પિણી-અવસર્પિણી) સુધીના રૂપી દ્રવ્યોને જાણી શકે.

દ્રવ્ય દૃષ્ટિએ વિચારીએ તો અવધિજ્ઞાન ઉત્કૃષ્ટથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ પુદ્-ગલદ્રવ્ય-પરમાણુને પણ જાણી શકે છે.

આવા અવધિજ્ઞાનથી મનોવર્ગણાના પુદ્‌ગલો પણ જાણી શકાય, તેથી બીજાના વિચારો પણ જાણી શકાય. કાર્મણવર્ગણાના પુદ્‌ગલો પણ જોઇ શકાય, તેથી બીજાના કર્મો પણ જાણી શકાય.

ભાવની દ્રષ્ટિએ વિચારીએ તો દરેક દ્રવ્યના અસંખ્ય પરિણામો (અવસ્થા-બદલાવ આદિ) જોઇ શકે છે.

અવધિજ્ઞાન ૨ પ્રકારે થાય છે.

**૧) ભવપ્રત્યયિક** - દેવો અને નારકોને જન્મથી જ નિયમા-અવધિ-જ્ઞાન અથવા વિભંગજ્ઞાન હોય છે-તે તેમની ગતિના કારણે જ ઉત્પન્ન થતું હોવાથી ભવપ્રત્યયિક કહેવાય છે.

**૨) ગુણપ્રત્યયિક** - મનુષ્યો અને તિર્યંચોને વિરતિ વિ. ગુણોના પ્રભાવે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે ગુણપ્રત્યયિક કહેવાય છે.

તીર્થંકર ભગવંતો પૂર્વના (દેવ કે નારકના) ભવથી અવધિજ્ઞાન સાથે લઇને આવે છે-અર્થાત્ ચ્યવન(ગર્ભાવાસથી)જ તેમને અવધિજ્ઞાન હોય છે.

જે અવધિજ્ઞાન ઉત્કૃષ્ટ દ્રવ્ય-ક્ષેત્ર-કાળમાં રહેલા દ્રવ્યોને જાણે છે તે પરમાવધિજ્ઞાન કહેવાય છે. પરમાવધિજ્ઞાન થયા પછી ૧ અંતર્મુહૂર્તની અંદર અવશ્ય કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

મિથ્યાત્વની સાથે રહેલા અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન કહેવાય છે. મિથ્યાત્વી દેવો-નારકોને તો વિભંગજ્ઞાન હોય જ છે, દ્રવ્યવિરતિ વિ. થી મિથ્યાત્વી મનુષ્યો / તિર્યંચોને પણ વિભંગજ્ઞાન ઉત્પન્ન થઇ શકે છે.

**શિવરાજર્ષિ**ને વિભંગજ્ઞાનથી ૭ દ્વીપ-સમુદ્ર સુધીનો તિર્ચ્છાલોક દેખાયો- તેથી ૭ સમુદ્રપ્રમાણ લોકની પ્રરૂપણા તેણે કરી હતી. **શ્રેણિક** રાજાના **સેચનક** હાથીને વિભંગજ્ઞાન હતું.

અવધિજ્ઞાનની (કે વિભંગજ્ઞાનની) સાથે અવધિદર્શન નિયમથી હોય છે, જેનાથી રૂપી દ્રવ્યોનો સામાન્ય બોધ થાય છે.

દેવગતિમાં ઉપર-ઉપરના દેવોનું અવધિજ્ઞાન વધુ વિશુદ્ધ હોય છે. અનુત્તર વિમાનના દેવો કંઇક ન્યૂન સંપૂર્ણ લોકને અવધિજ્ઞાનથી જોઇ શકે છે. પોતાને કોઇ શંકા થાય તો મનથી જ, અઢી દ્વીપમાં રહેલા કેવલી ભગવંતને પ્રશ્ન પૂછે છે. કેવલિ ભગવંતના કેવલજ્ઞાનમાં તે પ્રશ્ન જણાય એટલે પોતાના દ્રવ્યમનને તે પ્રશ્નના જવાબના આકારે ગોઠવે છે (કેવલીને ભાવમન હોતું નથી.) જેને અનુત્તર દેવ પોતાના વિશુદ્ધ અવધિજ્ઞાનથી જાણીને જવાબ મેળવી લે છે.

નરકગતિમાં નીચે-નીચેના નારકોનું અવધિજ્ઞાન ઘટતું હોય છે. તેમના અવધિજ્ઞાનના ક્ષેત્ર / કાળ એટલા અલ્પ છે કે તેઓ તિર્ચ્છાલોકમાં થયેલા પોતાના પૂર્વભવને અવધિજ્ઞાનથી જાણી શકતા નથી કારણકે તિર્ચ્છાલોક તેમના અવધિજ્ઞાનના ક્ષેત્રની બહાર છે. અલબત્ત જાતિસ્મરણજ્ઞાન દ્વારા પૂર્વભવને જાણી શકે છે.

વ્યંતર-વાણવ્યંતર વિ. હલકી જાતિના દેવોનું અવધિજ્ઞાન પણ અલ્પ હોય છે. જો પોતાના અવધિજ્ઞાનના ક્ષેત્રની બહાર તેઓ નીકળી જાય, તો પાછા પોતાના ભવનમાં પહોંચવાનો માર્ગ ન જાણી શકવાથી ભટક્યા કરે છે.

દેવ અને નરકગતિમાં રહેલા જીવોના અવધિજ્ઞાનમાં કેટલા દ્રવ્ય- ક્ષેત્ર-કાળ દેખાય, તેમના ક્ષેત્રનો આકાર વિ. નું વિસ્તૃત વર્ણન **વિશેષાવશ્યક ભાષ્ય** વિ. શાસ્ત્રોમાં આપેલું છે.

અવધિજ્ઞાન ૧ જીવને ઉત્કૃષ્ટથી સાધિક ૬૬ સાગરોપમ સુધી રહી

શકે. તે આ રીતે-

૧) બે વાર અનુત્તરમાં ૩૩ સાગરોપમના આયુષ્યમાં-વચ્ચે ૧ મનુષ્યના ભવમાં.

૨) ત્રણ વાર બારમા દેવલોકે ૨૨ સાગરોપમ ના આયુષ્યમાં અને વચ્ચે ૨ મનુષ્યના ભવમાં.

વિશ્વમાં અવધિજ્ઞાની જીવોની કુલ સંખ્યા અસંખ્ય = ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી છે. અવધિજ્ઞાની દેવ-નારક-તિર્યંચો અસંખ્ય છે, મનુષ્યો સંખ્યાતા છે.

અવધિજ્ઞાનના અનેક પ્રકારો છે. કેટલાક આ પ્રમાણે–

જે અવધિજ્ઞાન આવ્યા પછી જાય નહીં-કેવળજ્ઞાન સુધી ટકી જ રહે, તે અપ્રતિપાતી કહેવાય અથવા ભવના અંત સુધી રહે તે પણ અપ્રતિપાતી ગણાય દા.ત. દેવોને... જે જીવને સંપૂર્ણ લોક ઉપરાંત અલોકમાં અંશમાત્ર ક્ષેત્રનું પણ અવધિજ્ઞાન થાય, તે નિયમા અપ્રતિપાતી હોય છે.

કેટલાક જીવોનું અવધિજ્ઞાન એવું હોય છે કે તેમની સાથે જાય. અર્થાત્ ૧૦૦ યોજનનું અવધિજ્ઞાન હોય તો જ્યાં જાય ત્યાંથી ૧૦૦ યોજન સુધીનું જ્ઞાન થાય. એને અનુગામી અવધિજ્ઞાન કહેવાય છે.

કેટલાક જીવોનું અવધિજ્ઞાન જ્યાં ઉત્પન્ન થયું હોય, તેની આસપાસના ક્ષેત્રનું જ થાય છે. જો જીવ તે ક્ષેત્રની બહાર જાય તો અવધિજ્ઞાન તેની સાથે ન આવે, અર્થાત્ તેને અવધિજ્ઞાનથી કશું ન જણાય. પાછો તે ક્ષેત્રમાં આવે, તો પાછું જણાય. આને અનનુગામી અવધિજ્ઞાન કહેવાય છે.

કેટલાકનું અવધિજ્ઞાન એવું હોય છે કે પોતે જ્યાં હોય ત્યાંથી દૂરનું જાણી શકે, આસપાસનું ન જાણી શકે દા.ત. ભારતમાં બેઠેલો હોય અને અવધિજ્ઞાનથી બ્રિટનને જાણી શકે, ભારતને નહીં. આને અપ્રતિબદ્ધ અવધિજ્ઞાન કહેવાય છે.

કેટલાક અવધિજ્ઞાન એવા પણ હોય છે કે જેમાં ક્ષેત્ર સળંગ ન જણાય, વચ્ચેના અમુક ભાગ જણાય, અમુક નહીં. દા.ત. પહેલે માળે પોતે હોય, બીજો માળ જણાય, ત્રીજો માળ ન જણાય, ચોથો માળ જણાય વિગેરે આને સાંતર અવધિજ્ઞાન કહેવાય છે.

અવધિજ્ઞાન બધી દિશામાં સરખું નથી હોતું. કોઇ એક દિશામાં વધારે હોય, બીજી દિશામાં ઓછું હોય તેવું બની શકે છે.

થયેલું અવધિજ્ઞાન, તે જ ભવમાં ચાલ્યું જાય, તેવું પણ બની શકે છે. શાસ્ત્રોમાં વાત આવે છે કે મુનિને અવધિજ્ઞાન થયું. દેવલોકમાં રિસાઇ ગયેલી ઇન્દ્રાણીને મનાવતા ઇન્દ્રને જોયો, તેથી હસવું આવ્યું-તે પ્રમાદથી અવધિજ્ઞાન ચાલ્યું ગયું. આને પ્રતિપાતી અવધિજ્ઞાન કહેવાય.

કેટલાક જીવોનું અવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી આત્મવિશુદ્ધિના કારણે વધતું જઇ શકે છે એટલે કે પહેલા ઓછું હોય, પછી વધે. આને વર્ધમાન અવધિજ્ઞાન કહેવાય.

- કેટલાક જીવોનું અવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી દોષો આદિની અશુદ્ધિના કારણે ઘટી શકે છે એટલે કે પહેલા વધારે જુએ, ધીમે ધીમે ઓછું જણાય. આને હીયમાન અવધિજ્ઞાન કહેવાય.

અવધિજ્ઞાનથી દરેક પદાર્થના જઘન્યથી ચાર પર્યાય-વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અને ઉત્કૃષ્ટથી અસંખ્ય પર્યાય જણાય છે.

# અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન






# અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન







શ્રુત-નિશ્રિત મતિજ્ઞાન

# અવધિ જ્ઞાનના ભેદ


अवधि ज्ञान के भेद
१. आनुगामिक अवधिज्ञान


अवधि ज्ञान के भेद
अनानुगामिक अवधिज्ञान
हीयमान
वर्द्धमान
अप्रतिपाति अवधिज्ञान
प्रतिपातिक अवधिज्ञान


भव प्रत्यातिक अवधिज्ञान
सातों नरक भूमि
चारों जाति के देव
गुण प्रत्यायिक
कल्पातीत देव
भाव विशुद्धि जन्य
पंचगति में शुभ भाव जन्य


मनःपर्यव ज्ञान
मनुष्य
भाव तरंगें–
भाव तरंगें–
भाव तरंगें–
मनः पर्यवज्ञानी
भाव तरंगें–
मनः पर्यवज्ञानी
संज्ञी तिर्यञ्च

# મતિજ્ઞાન

ઇન્દ્રિય અને મન દ્વારા, શ્રુતને અનુસર્યા વિના જે જ્ઞાન થાય છે, તે મતિજ્ઞાન કહેવાય છે.

મતિજ્ઞાનના બે ભેદ છે. ૧) શ્રુતનિશ્રિત મતિજ્ઞાન ૨) અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન, એમાં **શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના** ૪ પ્રકાર પડે છે.

**૧) અવગ્રહ** - જે વસ્તુનો બોધ થવાનો છે તે વસ્તુ અને બોધ કરનાર ઇન્દ્રિયનો સંબંધ થતા જે અસ્પષ્ટ બોધ થાય છે, તે અવગ્રહ કહેવાય છે. - (Grasping Power) વસ્તુતઃ અવગ્રહનો સમાવેશ 'દર્શન' માં થાય છે. અવગ્રહના બે ભેદ છે.

**અ. વ્યંજનાવગ્રહ** - વસ્તુ અને ઇન્દ્રિયનો સંબંધ. જેમ કે કાનમાં શબ્દો અથડાવા. આ વ્યંજનાવગ્રહનો કાળ એક અંતર્મુહૂર્તનો છે.

**બ. અર્થાવગ્રહ** - વ્યંજનાવગ્રહના અંતે થતો વસ્તુનો અસ્પષ્ટ બોધ. 'કંઇક થયું' એવા સ્વરૂપનો અર્થાવગ્રહનો કાળ એક સમયનો છે.

**૨) ઇહા**-અર્થાવગ્રહ થયા બાદ વિચારણા-શું થયું ? તેવી. (Logic Power.)

**૩) અપાય** - ઇહા પછીનો નિશ્ચય-'કોઇક અવાજ આવ્યો' વિ. રૂપ. - (Decision Power) અપાય થયા પછી ફરી પાછી ઇહા થાય છે. 'શેનો અવાજ આવ્યો ?' વિ. રૂપ. ફરી પાછો અપાય થાય છે-'માણસનો' ફરી પાછી ઇહા થાય છે-'કોનો ? સ્ત્રીનો કે પુરુષનો ?' ફરી પાછો અપાય... આમ ચાલ્યા કરે છે જ્યાં સુધી શક્ય તેટલો સ્પષ્ટ બોધ થાય.

સૌથી પહેલા જે અર્થાવગ્રહ થયો-(કંઇક થયું), તે નૈશ્ચયિક અર્થાવગ્રહ કહેવાય છે. (જે 'દર્શન' રૂપ છે, ૧ સમયનો છે.)

ત્યારબાદ ઇહા અને અપાય થાય છે. પછી ફરી થતી ઇહા માટે પહેલો અપાય જ અવગ્રહ રૂપ બને છે, તેને વ્યાવહારિક અર્થાવગ્રહ કહેવાય છે-જે અંતર્મુહૂર્ત સમયનો છે અને 'જ્ઞાન' રૂપ છે.

**૪) ધારણા** - વસ્તુના નિર્ણયની દૃઢતા. (Memory Power) ધારણાના ૩ પ્રકાર છે.

**અ. અવિચ્યુતિ** - અપાય થયા બાદ, તેનું વારંવાર + સતત પુનરાવર્તન થવું તે.

જેમ કોઇ વસ્તુને બરાબર યાદ રાખવી હોય તો ધારી-ધારીને જોવામાં આવે છે.

**બ. વાસના** - અવિચ્યુતિના કારણે આત્મામાં પડી જતા સંસ્કાર.

**ક. સ્મૃતિ** - નિમિત્ત મળવાથી સંસ્કારનું જાગરણ થતાં થતું સ્મરણ.

આપણો અનુભવ છે કે વસ્તુનું જ્ઞાન થવા છતાં જો તેના પર વ્યવસ્થિત ધ્યાન અપાયું ન હોય તો લગભગ ભૂલી જવાય છે, સ્મૃતિ થતી નથી, તેનું કારણ એ જ છે કે અવિચ્યુતિના અભાવે સંસ્કાર પડતા નથી.

સંસ્કાર અસંખ્યકાળ સુધી આત્મા પર રહી શકે છે. નવો જન્મેલો બાળક ભૂખ શમાવવા સ્તનપાન કરે છે, ત્યારે પૂર્વભવોના સંસ્કારને કારણે જ તેવા પ્રકારની પ્રવૃત્તિ કરવાનું જ્ઞાન એને થાય છે. સંસ્કારો જેટલા ગાઢ હોય. તેટલી સ્મૃતિ તરત થાય છે-લાંબા કાળ પછી પણ થાય છે. સંસ્કારો નબળા હોય તો યાદ કરવા મહેનત કરવી પડે, લાંબા કાળ પછી યાદ ન આવે. મૃત્યુ અને જન્મ એવી ઘટનાઓ છે કે ઘણાખરા સંસ્કારો નષ્ટ થઇ જાય છે, છતાં અત્યંત ગાઢ સંસ્કાર પડી ગયા હોય તો પછીના ભવમાં પણ પૂર્વભવની ઘટનાઓનું સ્મરણ થાય છે, જેને જાતિસ્મરણ જ્ઞાન કહેવાય છે. વર્તમાનમાં પણ ઘણા જીવોને જાતિસ્મરણ જ્ઞાન થયેલું જોવા મળ્યું છે.

જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વના સંખ્યાતભવોનું જ્ઞાન પણ થઇ શકે છે.

**જાતિસ્મરણજ્ઞાનના દૃષ્ટાંત** - શિકારીના તીરથી ઘાયલ થયેલી સમડીને મૃત્યુ સમયે મુનિ ભગવંતે નવકાર સંભળાવતા મરીને શ્રીલંકામાં રાજકુમારી બની...

રાજસભામાં ભારતથી આવેલા શ્રેષ્ઠિને છીંક આવતાં 'નમો અરિહંતાણં' બોલ્યા, તે સાંભળતા રાજકુમારીને પૂર્વભવમાં સાંભળેલા નવકારના સંસ્કારો જાગ્રત થયા, જાતિસ્મરણ જ્ઞાન થયું. પ્રતિબોધ પામી, પોતાના મૃત્યુસ્થળે આવીને **શકુનિકાવિહાર (સમડીવિહાર-ભરૂચ)** જિનાલય બંધાવ્યું.

**વલ્કલચીરી**ને પોતાના તાપસપણાંનાં કમંડલ વિ. પરની ધૂળને સાફ કરતાં પૂર્વભવમાં સાધુપણાંમાં કરેલાં પડિલેહણના સંસ્કારો જાગ્રત થયા. જાતિસ્મરણ જ્ઞાન થયું. શુભ પરિણામોથી ત્યાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ. જાતિસ્મરણ પણ એક પ્રકારની સ્મૃતિ-ધારણાનો જ ભેદ છે. આ ચારે પ્રકારનું મતિજ્ઞાન પાંચ ઇન્દ્રિય અને મનથી થાય છે, તેથી બધાના ૬-૬ પ્રકાર થાય છે.

૧) સ્પર્શનેન્દ્રિય (ત્વચા / ચામડી)થી થતું સ્પાર્શન મતિજ્ઞાન.
૨) રસનેન્દ્રિય (જીભ)થી થતું રાસન મતિજ્ઞાન.
૩) ઘ્રાણેન્દ્રિય (નાક)થી થતું ઘ્રાણજ મતિજ્ઞાન.

૪) ચક્ષુરિન્દ્રિય (આંખ)થી થતું ચાક્ષુષ મતિજ્ઞાન.
૫) શ્રોત્રેન્દ્રિય (કાન)થી થતું શ્રોત્ર મતિજ્ઞાન.
૬) મનથી થતું માનસ મતિજ્ઞાન.

તેમાં ચક્ષુરિન્દ્રિય અને મનથી વસ્તુનું જ્ઞાન થાય ત્યારે ચક્ષુ કે મન સાથે વસ્તુનો સંબંધ થતો નથી. જેમ કે દૂર રહેલા પર્વતો વિગેરે પણ આંખથી દેખાય છે અને દેવલોક વિગેરે પણ મનથી વિચારી શકાય છે, એટલે ચાક્ષુષ અને માનસ મતિજ્ઞાનમાં વ્યંજનાવગ્રહ હોતો નથી. તેથી જ ચક્ષુ અને મન અપ્રાપ્યકારી કહેવાય છે, અર્થાત્ દૂર રહેલી વસ્તુનો બોધ કરનાર છે. બાકીની ચાર ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે, અર્થાત્ વસ્તુનો સંબંધ થયા પછી જ તેનો બોધ કરે છે.

**પ્રશ્ન** - અવાજ તો દૂરથી પણ સંભળાય છે.

**ઉત્તર** - સાઉન્ડ પ્રુફ રૂમમાં થયેલો અવાજ બહાર સંભળાતો નથી. તે બતાવે છે કે અવાજના પુદ્ગલો કાન સુધી પહોંચે તો જ અવાજ સંભળાય છે.

તે રીતે દૂર રહેલી વસ્તુની સુગંધ કે દુર્ગંધ આવે છે, તેનું કારણ પણ તેના પુદ્ગલો નાક સુધી પહોંચે છે તે છે. તેથી ટાઇટ પેક ડબીમાં રાખેલ વસ્તુની ગંધ બહાર આવતી નથી. (તેવી જ રીતે તળાવ વિ.ની નજીક ઠંડક અનુભવાય તે સ્પાર્શન જ્ઞાન કે દૂર રંધાતી વસ્તુના સ્વાદનો અનુભવ થાય તે રાસન મતિજ્ઞાન માટે પણ સમજી લેવું.)

આમ વ્યંજનાવગ્રહના ચાક્ષુષ-માનસ છોડીને ૪, અર્થાવગ્રહ-ઇહા-અપાય-ધારણાના ૬-૬ એમ કુલ ૨૮ ભેદો મતિજ્ઞાનના થાય છે.

સ્પર્શનેન્દ્રિય દ્વારા વધુમાં વધુ ૯ યોજન દૂર રહેલી વસ્તુનું સ્પાર્શન મતિજ્ઞાન થઇ શકે છે. રસનેન્દ્રિય દ્વારા ૯ યોજન, ઘ્રાણેન્દ્રિય દ્વારા ૯ યોજન, ચક્ષુરિન્દ્રિય દ્વારા ૧ લાખ યોજન અને શ્રોત્રેન્દ્રિય દ્વારા ૧૨ યોજન દૂર રહેલી વસ્તુનું જ્ઞાન થઇ શકે.

ચક્ષુરિન્દ્રિય માટે કહેલી ૧ લાખ યોજનની મર્યાદા, જે વસ્તુ પોતે અપ્રકાશિત છે, તેના માટે છે. સૂર્ય-ચંદ્ર વિ. સ્વયં પ્રકાશિત એવી વસ્તુઓ તો વધુ દૂરથી પણ જોઇ શકાય છે.

જૈન દર્શન પાંચે ઇન્દ્રિય દ્વારા સ્પર્શ-રસ વિ. ગુણની જેમ દ્રવ્યનું પણ જ્ઞાન સ્વીકારે છે. દા.ત. મોઢામાં મૂક્તા જ 'આ મીઠું (Salt) છે' એવું જ્ઞાન થાય છે. નૈયાયિકો માત્ર સ્પર્શનેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયથી જ દ્રવ્યનું જ્ઞાન માને છે.

**પ્રશ્ન** - મનને અવગ્રહાદિ શી રીતે થાય ?

**ઉત્તર** - સ્વપ્નમાં થાય છે, તે અનુભવસિદ્ધ છે જ.

આ ૨૮ પ્રકારના મતિજ્ઞાનના દરેકના ૧૨-૧૨ ભેદ પડે છે.

**૧) બહુ** - ઘણાં બધા અવાજ એકસાથે સંભળાય તો દરેક અવાજને ઓળખી શકે.

**૨) બહુવિધ** - જે અવાજ સંભળાયો, તેના અનેક ગુણધર્મો-મીઠો, જાડો, તીણો વિ. ને જાણી શકે.

**૩) ક્ષિપ્ર** - તરત જ-ઝડપથી ઓળખી જાય.

**૪) નિશ્રિત** - કોઇ ચિહ્ન હોય તો જ ઓળખી શકે. જેમ કે ધજાથી મંદિર ઓળખાય. (કોઇ hint મળે તો ઓળખી જાય)

**૫) અસંદિગ્ધ** - પોતાના જ્ઞાનમાં શંકા ન હોય. ખાતરીબદ્ધ રીતે કહે.

**૬) ધ્રુવ** - દરેક વખતે એકસરખી રીતે જાણે.

આ ૬ અને તેનાથી વિપરીત ૬ - અબહુ, અબહુવિધ, અક્ષિપ્ર, અનિશ્રિત, સંદિગ્ધ અને અધ્રુવ (એનો અર્થ સરળ છે.) એમ કુલ ૧૨ ભેદ થાય.

કુલ ૨૮ x ૧૨ = ૩૩૬ ભેદ મતિજ્ઞાનના થયા.

## અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન

ચાર પ્રકારની બુદ્ધિ તે અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે.

**૧) વૈનયિકી** - ગુરુનો, વડીલોનો વિનય કરવાથી જ્ઞાનાવરણનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે. તેનાથી જે બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તે વૈનયિકી બુદ્ધિ કહેવાય છે. આ બુદ્ધિ કેવી હોય ? તે સમજવા શાસ્ત્રમાં દૃષ્ટાંત આપેલું છે.

એક જ ગુરુ પાસે બે શિષ્યોએ જ્ઞાન મેળવ્યું. છતાં એક વિદ્યાર્થી ગુરુનો વિનય નહોતો કરતો તો તેને શાસ્ત્રીય પદાર્થોના રહસ્યોનો વિશિષ્ટ બોધ ન થયો. જ્યારે બીજો શિષ્ય ગુરૂનો વિશેષ વિનય કરતો હતો. માત્ર બાહ્ય વિનય જ નહિ, તેના રોમરોમમાં ગુરૂ પ્રત્યે વિશિષ્ટ બહુમાનભાવ હતો. પરિણામે શાસ્ત્રોના વિશિષ્ટ રહસ્યોને તે પામી શક્યો. તેની બુદ્ધિ એવી વિશિષ્ટ થઇ ગઇ કે જેના કારણે તે જે કાંઇ કહે તે સત્ય ઠરવા લાગ્યું.

એક વાર એક ડોસીમાએ આ બંને જણને પૂછ્યું કે, ''મારો દીકરો ઘણા વર્ષોથી પરદેશ ગયો છે. તેના કોઇ સમાચાર નથી. તે ક્યારે આવશે ?'' ત્યાં જ તેની પાસે રહેલો પાણી ભરેલો ઘડો નીચે પડ્યો. ફૂટી ગયો. અવિનયી

શિષ્યે કહ્યું કે, ''ઘડો ફૂટી ગયો તે એમ સૂચવે છે કે તમારો દીકરો મરી ગયો છે.''

અને ડોસીએ પોક મૂકી. પણ વિનયી શિષ્યે આશ્વાસન આપતાં કહ્યું કે, ''માજી ! જરાય ચિંતા ન કરો. અરે ! આનંદ પામો. તમારો પુત્ર તમારા ઘરના દરવાજે આવીને ઊભો છે. ઘડો ફૂટતાં માટીમાં માટી મળી ગઇ, તે એ સૂચવે છે કે તમારો દીકરો પાછો તમારી પાસે આવી ગયો. તે રાહ જુએ છે. જલ્દી ઘરે પહોંચો.''

ડોસીમા ઘરે પહોંચ્યાં. ખરેખર તેમનો દીકરો પરદેશથી આવીને તેમની રાહ જોતો ઊભો હતો.

૨) **કાર્મિકી** - કોઇપણ વસ્તુનો વારંવાર અભ્યાસ કરવાથી તેમાં જે નિપુણતા આવે છે, તે કાર્મિકી બુદ્ધિ છે.

સુથાર રંધાથી લાકડાને છોલે તો સીધું સપાટ છોલાય છે. આપણે છોલવા જઇએ તો વાંકુંચૂકું જાય. સુથારની તે આવડત તે કાર્મિકી બુદ્ધિ છે. થાળીનૃત્ય વિ. અનેક દષ્ટાંતો કાર્મિકી બુદ્ધિના છે.

૩) **પારિણામિકી** - અનેક પ્રકારના અનુભવોના આધારે ઘડાતી બુદ્ધિ પારિણામિકી બુદ્ધિ કહેવાય છે. 'ઘરડાં ગાડાં વાળે' એ કહેવત વૃદ્ધોની અનુભવજન્ય પારિણામિકી બુદ્ધિને જ જણાવે છે. અનેક કથાઓ-પ્રસંગોમાં પણ વૃદ્ધોનું શાણપણ જણાય છે.

૪) **ઔત્પાતિકી** - તેવા કોઇ અનુભવ કે અભ્યાસ વિના સહજ જ-કોઠાસૂઝથી જે બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તે ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય છે. ઔત્પાતિકી બુદ્ધિ માટે શાસ્ત્રમાં **રોહક**નું દષ્ટાંત આપેલું છે.

રોહક નામનો નાનકડો બાળક પોતાના પિતાની સાથે પ્રથમવાર રાજગૃહી નગરી ગયો. પાછા ફરતાં ભુલાઇ ગયેલી વસ્તુ લેવા પિતા પાછા નગરમાં ગયા. નદી કિનારે બેઠેલા તે રોહકે, નદીની રેતમાં આખી રાજગૃહી નગરીનું મોડેલ તૈયાર કરી દીધું ! પ્રથમવાર જ જોયેલી નગરીનું તરત જ આબેહૂબ રીતે મોડેલ તૈયાર કરી દેવું તે શું નાનીસૂની વાત ગણાય ?

નગરનો રાજા ઘોડા ઉપર તે તરફ આવી રહયો છે, ત્યારે બહાદુર નાનો બાળક કહે છે, 'કોણ છો ? ત્યાં જ ઊભા રહો. અહીં રાજમહેલ છે. રાજમહેલમાં ઘોડો ન આવી શકે !' વગેરે

અને પોતાની રાજગૃહી નગરીને આબેહૂબ રીતે રેતીમાં તૈયાર થયેલી જોઇને રાજા તેની બુદ્ધિ ઉપર વારી ગયો.

પછી તો રાજાએ અનેક રીતે તેની બુદ્ધિની કસોટી કરી.

ગામની બહાર રહેલી પથ્થરની શિલાને જરા પણ ખસેડ્યા વિના તે શિલાનો મંડપ બનાવવા કહ્યું ત્યારે ગામના બધા લોકોની ચિંતા રોહકે દૂર કરી. શિલાની એકબાજુ નીચે ખાડો કરીને પીલ્લર ઊભો કર્યો. પછી તેની સામેની ત્રાંસી બાજુના છેડે શિલા નીચે ખાડો કરીને પીલ્લર ઊભો કર્યો. બે પીલ્લરના સહારે ટકેલી શિલાની નીચેના બાકીના બે છેડે પણ નીચે ખાડો કરાવીને પીલ્લર કરાવી દીધા. પછી નીચે બધે ખાડો કરાવ્યો. અને એ રીતે શીલા નીચે મંડપ તૈયાર થઇ ગયો.

ત્યાર પછી તો તે રાજાએ તેની બુદ્ધિ-ચાતુરીની અનેક પરીક્ષા કરી. દરેકમાં તરત જ રોહકે પોતાની બુદ્ધિથી ઉકેલ આપી દીધો.

પૂર્વે કહેલા મતિજ્ઞાનના ૩૩૬ ભેદ શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના છે. તેમાં અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના આ ૪ ભેદ ઉમેરતાં કુલ ૩૪૦ ભેદ મતિજ્ઞાનના છે.

**પ્રશ્ન** - તમે શરૂઆતમાં જ જણાવ્યું કે 'શ્રુતને અનુસર્યા વિના જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન' હવે મતિજ્ઞાનના ૩૩૬ ભેદ તમે શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના જણાવો છો. તો તેમાં પરમાર્થ શું છે ?

**ઉત્તર** - આગળ મતિ-શ્રુતનો ભેદ જણાવતી વખતે સમજાવશું કે મતિજ્ઞાન થાય ત્યારે શબ્દને અનુસરીને જ્ઞાન નથી થતું, તેથી તે શ્રુતાનુસારી નથી.

હવે તેમાં જે મતિજ્ઞાન થવું, તે પૂર્વે ક્યારેય પણ શ્રુતજ્ઞાન રૂપે થયું હોય, તેના સંસ્કારથી અત્યારે શબ્દના અનુસરણ વિના જ મતિજ્ઞાન થાય તે શ્રુતનિશ્રિત ગણાય. દા.ત. નાના બાળકને ગાય દેખાડીને કહેવાય કે 'આ ગાય છે' ત્યારે શ્રુતજ્ઞાન થાય છે. પછી વારંવારના સંસ્કારથી મોટા થયા પછી ગાય દેખાતાં જ 'આ ગાય છે' એવું જ્ઞાન થાય તે મતિજ્ઞાન છે, પણ તે શ્રુતના સંસ્કારથી થયું હોવાથી શ્રુતનિશ્રિત છે.

જેનું શ્રુતજ્ઞાન પૂર્વે ક્યારેય થયું જ નથી, છતાં વિશિષ્ટ ક્ષયોપશમથી - બુદ્ધિથી જ્ઞાન થઇ જાય (જેમ ઉપર બુદ્ધિના દૃષ્ટાંતમાં બતાવ્યું તેમ) તો તે અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન છે.

મતિજ્ઞાનનો ઉત્કૃષ્ટ કાળ સમ્યક્ત્વના ઉત્કૃષ્ટ કાળ જેટલો સાધિક ૬૬ સાગરોપમ છે.

મતિજ્ઞાની જીવો જઘન્ય અને ઉત્કૃષ્ટથી ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા છે.

પ્રતિભા, બુદ્ધિ, આવડત, દક્ષતા, ઇન્દ્રિયોની વિશિષ્ટશક્તિ (ચાના બગીચામાં રખાતા માણસો-જે દરેક ચાની quality જુદી પારખી શકે છે, પગીની નિરીક્ષણશક્તિ ઇત્યાદિ...) મતિજ્ઞાનરૂપ જ છે.

- મતિજ્ઞાનનું ઉત્કૃષ્ટ અંતર દેશોન અર્ધપુદ્‌ગલપરાવર્ત જેટલું છે. અર્થાત્ મતિજ્ઞાન પામ્યા પછી નાશ પામે (મિથ્યાત્વે જવાથી અજ્ઞાનરૂપ બને) તો પણ ઉત્કૃષ્ટથી તેટલા કાળ પછી અવશ્ય પુનઃ મતિજ્ઞાન પામે.

## મતિ-શ્રુતનો ભેદ

શબ્દને અનુસરીને થતું જ્ઞાન, તે શ્રુતજ્ઞાન છે. શબ્દને અનુસર્યા વિના થતું જ્ઞાન તે મતિજ્ઞાન છે.

દા.ત. આંખથી ઘડો જોયો. તેનાથી થતું ઘડાનું જ્ઞાન તે ચાક્ષુપ મતિજ્ઞાન. ઘડાને અડવાથી સ્પર્શથી થાય તે પણ ઘડાનું સ્પાર્શન મતિજ્ઞાન. ઘડાનો રણકારભર્યો અવાજ સાંભળવાથી ઘડાનું જ્ઞાન થાય તે પણ ઘડાનું શ્રોત્ર મતિજ્ઞાન... પાણીના માટીયુક્ત વિશિષ્ટ સ્વાદના આધારે ઘડાનું જ્ઞાન થાય તે પણ રાસન મતિજ્ઞાન. પાણીમાં માટીની સુગંધ આવવાથી ઘડાનું જ્ઞાન થાય તે પણ ઘ્રાણજ મતિજ્ઞાન. મનથી પનિહારીનો વિચાર કરતાં ઘડાનું જ્ઞાન થાય તે ઘડાનું માનસ મતિજ્ઞાન.

અલબત્ત અહીં પણ ઘડાનું જ્ઞાન થયા પછી, તેનું નામ 'ઘડો' એવા શબ્દનું પણ જ્ઞાન થાય છે, પણ ઘડારૂપ પદાર્થનું જ્ઞાન, 'ઘડો' એવા શબ્દના જ્ઞાન વિના જ થઇ જાય છે. તેથી તે મતિજ્ઞાન છે.

જ્યારે કોઇ 'ઘડો' એમ બોલે, ત્યારે પહેલા કાનથી 'ઘ' અને 'ડો' એવા અક્ષરોનું જ્ઞાન થાય છે, તે શ્રોત્ર મતિજ્ઞાન છે. ત્યારબાદ ઘડારૂપ પદાર્થનું જ્ઞાન થાય છે, તે 'ઘડો' શબ્દના આધારે થતું હોવાથી શ્રુતજ્ઞાન છે.

તે રીતે, પુસ્તકમાં લખેલા 'ઘડો' એવા અક્ષરોને જોઇને પહેલાં તે શબ્દનું ચાક્ષુષ મતિજ્ઞાન ક્ષય છે. પછી તેના આધારે ઘડારૂપ પદાર્થનું જ્ઞાન થાય, તે શ્રુતજ્ઞાન છે.

**પ્રશ્ન** - આ રીતે તો શ્રુતજ્ઞાન શ્રોત્રેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયથી જ થશે.

**ઉત્તર** - સ્પર્શથી પણ અક્ષરોનું જ્ઞાન થાય છે. અંધજનો બ્રેઇલ લિપિ દ્વારા અક્ષરોનું જ્ઞાન કરે છે અને પછી તેના આધારે તેમને શ્રુતજ્ઞાન થાય છે.

રસનેન્દ્રિયથી શ્રુતજ્ઞાન આ રીતે થઇ શકે.

કોઇ અંધ વ્યક્તિની સામે બે શરબત મૂક્યા અને કહ્યું કે જે ખાટું છે તે લીંબુનું છે અને ગળ્યું છે તે ગોળનું છે. હવે તે કોઇપણ એક શરબત પીવે છે. તેને સ્વાદ ખાટો જણાય છે. એટલે તરત તેને કહેનાર વ્યક્તિના શબ્દો યાદ આવે છે કે 'જે ખાટું છે, તે લીંબુનું છે' અને તેથી તેને 'આ શરબત લીંબુનું છે' એવું જ્ઞાન થાય છે, તે કહેનાર વ્યક્તિના શબ્દોના આધારે થાય છે, તેથી શ્રુતજ્ઞાન છે.

(આપણને શરબત પીવાથી ખાટું જણાય અને કોઇપણ શબ્દો યાદ કર્યા વિના સ્વાદ પરથી જ લીંબુનું હોવાનું જ્ઞાન થાય તો તે રાસન મતિજ્ઞાન છે.) આપણે એવું ઘણીવાર અનુભવીએ છીએ કે કોઇના પૂર્વે સાંભળેલા શબ્દો કાનમાં અથડાતા હોય તેવી સ્મૃતિ થાય છે. તેના આધારે થતું જ્ઞાન શ્રુતજ્ઞાન જ છે. તેમ ગોખેલી કોઇ વસ્તુ યાદ કરતી વખતે નજર સામે પુસ્તકના પાના ફરતા હોય, તેના શબ્દો વંચાતા હોય તેવી સ્મૃતિ થાય છે. તેના આધારે થતું જ્ઞાન પણ શ્રુતજ્ઞાન છે.

આ રીતે ઘ્રાણજ શ્રુતજ્ઞાન પણ સમજી શકાય છે.

## અભિલાપ્ય-અનભિલાપ્ય પદાર્થો

આ જગતમાં ઘણા પદાર્થો એવા છે જેનો અનુભવ કરી શકાય છે, પણ વર્ણન કરી શકાતું નથી.

દા.ત. ગોળ મીઠો છે, સાકર પણ મીઠી છે. પણ બન્નેની મીઠાશમાં તફાવત છે. કોઇ બે વચ્ચેના તફાવતનું વર્ણન કરવાનું કહે તો તે શક્ય નથી. એમ જ કહેવું પડે કે 'ચાખી લો, ખબર પડી જશે.'

આ મીઠાશનો તફાવત એ વર્ણવી ન શકાય તેવી ચીજ છે આવા બધા જ પર્યાયો-અનભિલાપ્ય કહેવાય છે. અનભિલાપ્ય પર્યાયો શબ્દથી વાચ્ય ન હોવાથી તે શ્રુતજ્ઞાનનો વિષય બની શકતા નથી. અર્થાત્ શ્રુતજ્ઞાનથી જાણી શકાતા નથી. પણ મતિજ્ઞાનથી જાણી શકાય છે. (કેવળજ્ઞાનથી પણ જાણી શકાય છે.)

અભિલાપ્ય ભાવો કરતાં અનભિલાપ્ય ભાવો અનંત ગણા છે. અભિલાપ્ય ભાવો શબ્દથી વાચ્ય હોય છે, પણ એ બધા ભાવો શ્રુતરૂપે (૧૪ પૂર્વમાં) ગૂંથવામાં આવ્યા નથી. અભિલાપ્ય ભાવોનો અનંતમો ભાગ જ શ્રુતરૂપે ગૂંથવામાં આવ્યો છે.

# શ્રુતજ્ઞાન

શ્રુતને અનુસરીને ઇન્દ્રિય અને મન દ્વારા થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે.

**શ્રુતજ્ઞાનની ઉત્પત્તિ** - તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાન થયા પછી શાસનની સ્થાપના સમયે યોગ્ય શિષ્યોને ગણધર પદે સ્થાપે છે. ત્યારે પ્રભુ તેમને 'ઉપન્ને ઇ વા વિગમે ઇ વા ધુવે ઇ વા' એ પ્રમાણેની ત્રિપદી આપે છે. જે આખા જગતના સ્વરુપને જણાવે છે.

પૂર્વભવની આરાધનાના કારણે ગણધર ભગવંતોને આ ત્રિપદીના શ્રવણથી જ્ઞાનાવરણ કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે અને દ્વાદશાંગી-બાર અંગ રૂપ સમસ્ત શ્રુતજ્ઞાનની રચના કરે છે. પરમાત્મા તેમના પર વાસક્ષેપ કરીને એ દ્વાદશાંગીને અધિકૃત કરે છે.

આમ શ્રુતજ્ઞાનના અર્થથી પ્રરૂપક તીર્થંકર ભગવંત છે. શબ્દથી રચયિતા ગણધર ભગવંતો છે.

જેટલા ગણધર ભગવંતો હોય, તે બધા દ્વાદશાંગી રચે છે. બધાની દ્વાદશાંગી શબ્દથી જુદી જુદી હોય છે. **મહાવીર સ્વામી** ભગવંતના ૧૧ ગણધરો વચ્ચે સૂત્રથી ભિન્ન ભિન્ન ૯ દ્વાદશાંગી રચાઇ હતી. તેથી જ ૯ ગણ હતા. પરંતુ **સુધર્માસ્વામી** સિવાયના બીજા બધા ગણધરોની પરંપરા લુપ્ત થઇ, કારણકે તે બધા પોતાના શિષ્યો સુધર્માસ્વામીને સોંપીને ગયા. તેથી માત્ર સુધર્માસ્વામી ભગવાનની રચેલી દ્વાદશાંગીની પરંપરા ટકી.

જુદા જુદા તીર્થંકરના શાસનમાં દ્વાદશાંગી શબ્દથી જુદી જુદી હોય છે પણ અર્થથી તો સમાન જ હોય છે.

ત્રિપદીનો અર્થ -

ઉપન્ને ઇ વા - દરેક પદાર્થ ઉત્પન્ન પણ થાય છે.

વિગમે ઇ વા - દરેક પદાર્થ નાશ પણ પામે છે.

ધુવે ઇ વા - દરેક પદાર્થ સ્થિર પણ રહે છે.

દા.ત. સોનાની ગીનીમાંથી હાર બનાવ્યો તો તે પદાર્થ હાર રૂપે ઉત્પન્ન થયો, ગીનીરૂપે નાશ પામ્યો અને સોના રૂપે સ્થિર રહ્યો.

આ રીતે દરેક પદાર્થ-દરેક ઘટનામાં આ ત્રણે સમાયેલા છે.

દ્વાદશાંગી - બાર સંખ્યાને જણાવતો સંસ્કૃત શબ્દ દ્વાદશ છે.

બાર અંગો હોવાથી તેને દ્વાદશાંગી કહેવાય છે. ગણિ = આચાર્ય ભગવંતોનું તે પિટક = નિધાન - ખજાનો હોવાથી તેને ગણિપિટક પણ કહે છે.

જગતમાં તે પ્રકૃષ્ટ = શ્રેષ્ઠ વચન હોવાથી પ્રવચન પણ કહેવાય છે.

દૃષ્ટિવાદ-ચૌદ પૂર્વો - સૌથી પ્રથમ બારમાં અંગ-દૃષ્ટિવાદની રચના કરાય છે, જેની અંદર ચૌદ પૂર્વો આવેલા છે. પહેલા (પૂર્વે) રચના થઇ હોવાથી તેને પૂર્વો કહેવાય છે.

પૂર્વો સંસ્કૃતમાં છે અને અતિવિશાળ છે. તેનું પ્રમાણ શાસ્ત્રોમાં આ રીતે જણાવ્યું છે.-

મહાવિદેહ ક્ષેત્રના ૬ ગાઉ(૧૨ માઇલ)ના શરીરવાળા હાથીના વજન પ્રમાણ શાહીની ભૂકી લઇ, તેમાંથી શાહી બનાવીને જેટલું લખી શકાય, તેટલું પહેલું પૂર્વ છે.

બીજા પૂર્વને લખવા ૨ હાથીના વજન પ્રમાણ શાહી જોઇએ.

ત્રીજા પૂર્વને લખવા ૪ હાથીના વજન પ્રમાણ શાહી જોઇએ.

ચોથા પૂર્વને લખવા ૮ હાથીના વજન પ્રમાણ શાહી જોઇએ.

આમ બમણું-બમણું કરતા જવું.

ચૌદે પૂર્વોને લખવા કુલ ૧૬,૩૮૩ હાથીના વજન પ્રમાણ શાહી જોઇએ.

દૃષ્ટિવાદમાં જગતનું બધું શ્રુત સમાઇ જતું હોવાથી તેને સર્વાક્ષરસંનિપાતી કહેવાય છે. ચૌદે ચૌદ પૂર્વોને ભણનાર ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાની-શ્રુતકેવલી કહેવાય છે. તેમની દેશના કેવલજ્ઞાની જેવી જ હોય છે. કેવલી ભગવંત જે-જેવું-જેટલું બોલી શકે તેટલું બધું જ શ્રુતકેવલી બોલી શકે છે, કારણકે શબ્દથી કહી શકાય તે બધું તેઓ જાણે છે. કોઇપણ પ્રશ્નોના જવાબ આપી શકે. અસંખ્ય ભવો જાણી શકે-કહી શકે.

બધા ચૌદ પૂર્વીઓનું શબ્દ રૂપ દ્રવ્યશ્રુતજ્ઞાન સરખું હોય છે. પણ તેનાથી થતું ભાવશ્રુતજ્ઞાન તો વધતું-ઓછું પણ હોય છે. એક ચૌદ પૂર્વી કરતાં બીજા ચૌદ પૂર્વીનું ભાવશ્રુતજ્ઞાન અનંતગણું વધારે પણ હોઇ શકે છે.

ચૌદ પૂર્વીને પણ કોઇ પદાર્થમાં સૂક્ષ્મ શંકા થાય તો આહારકલબ્ધિ હોય તો આહારક શરીર બનાવીને વિહરમાન તીર્થંકર પાસે મોકલીને પૂછે.

આ અવસર્પિણીમાં અર્થથી છેલ્લા ૧૪ પૂર્વધર **ભદ્રબાહુસ્વામી** થયા.

સૂત્રથી છેલ્લા ૧૪ પૂર્વધર **સ્થૂલિભદ્રજી** થયા.

છેલ્લા ૧૦ પૂર્વધર **વજ્રસ્વામી** થયા.

કાળની સાથે સંઘયણ હીન થતાં સ્મૃતિ મંદ થતી ગઇ, તેથી પૂર્વો લુપ્ત થતા ગયા... હાલ એકપણ પૂર્વ વિદ્યમાન નથી.

મિથ્યાત્વે રહેલો જીવ વધુમાં વધુ ૯।। પૂર્વ ભણી શકે છે. ૧૦મું પૂર્વ સંપૂર્ણપણે સમકિતી જ જાણી શકે. અભવ્ય જીવ પણ ૯।। પૂર્વ ભણી શકે.

**અગિયાર અંગ** - દૃષ્ટિવાદની રચના પછી ગણધર ભગવંતો ૧૧ અંગ રચે છે. જે પ્રાકૃત (= સામાન્ય લોકોની ભાષા)માં હોય છે, જેથી આબાલગોપાલ સહુ સમજી શકે.

પહેલું અંગ આચારાંગ સૂત્ર છે, જેમાં ૧૮,૦૦૦ પદ હતા. ૧ પદ = ૫૧, ૦૮, ૮૬, ૮૪૦ શ્લોક + ૨૮ અક્ષર, ૧ શ્લોક = ૩૨ અક્ષર. આ રીતે અગિયારે અંગો વિશાળ હતા. છઠ્ઠા અંગ જ્ઞાતાધર્મકથામાં ૩।। કરોડ કથાઓ હતી. પણ કાળના પ્રભાવે ધીરે ધીરે લુપ્ત થતાં બધાના અંશમાત્રો બચ્યા છે.

**અંગબાહ્ય શ્રુત** - ગણધર ભગવંતો પણ અંગ સિવાયના આવશ્યક વિગેરે સૂત્રોની રચના કરે છે અને બીજા જ્ઞાની ભગવંતો પણ બીજા ઉપાંગ, પ્રકીર્ણક સૂત્રો વિગેરેની રચના કરે છે, તે અંગબાહ્ય શ્રુત ગણાય છે.

૧૨ અંગ અને બીજા ૭૨ સૂત્રો એમ કુલ ૮૪ સૂત્રો આગમ તરીકે પ્રસિદ્ધ છે. તેમાં હાલ ૪૫ આગમો વિદ્યમાન છે.

૧) ૧૧ અંગ

૨) ૧૨ ઉપાંગ

૩) ૧૦ પયન્ના (પ્રકીર્ણક સૂત્ર)

૪) ૬ છેદસૂત્ર

૫) ૪ મૂળસૂત્ર

૬) નંદીસૂત્ર અને અનુયોગ દ્વાર.

આ આગમો ભણવાનો મુખ્ય અધિકાર યોગોદ્વહન કરીને અધિકાર પ્રાપ્ત કરી ચૂકેલા સાધુ ભગવંતોને જ છે. સાધ્વીજી ભગવંતોને કેટલાક આગમો અને શ્રાવકોને અમુક જ આગમો જાણવાનો અધિકાર છે.

**પંચાંગી** - આ બધા આગમો ગંભીર અર્થવાળા છે. કાળની સાથે સમજણ શક્તિ ઘટવાથી તેને સરળ કરતું બીજું શ્રુત પણ રચાયું તેમાં–

૧) **નિર્યુક્તિ** - અંતિમ ૧૪ પૂર્વધર ભદ્રબાહુ સ્વામીએ અનેક સૂત્રો પર નિર્યુક્તિની રચના કરી. જે પ્રાકૃતભાષામાં ગાથાબદ્ધ છે.

૨) **ભાષ્ય** - કાળક્રમે તેના પર પ્રાકૃતમાં ગાથાબદ્ધ વિસ્તૃત વિવેચનો રચાયા જે 'ભાષ્ય' તરીકે ઓળખાયા. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિગેરે ભાષ્યના રચયિતા છે.

૩) **ચૂર્ણિ** - પ્રાકૃતમાં સળંગ ગદ્ય રૂપે રચાયેલું વિવેચન તે ચૂર્ણિ કહેવાય છે. જિનદાસગણિ મહત્તર વિગેરે મુખ્ય ચૂર્ણિકારો છે.

૪) **વૃત્તિ / ટીકા** - સંસ્કૃત વિવેચન વૃત્તિ કહેવાય છે. **હરિભદ્રસૂરિ મ., અભયદેવસૂરિ મ.** વિ. મુખ્ય વૃત્તિકારો છે.

આ મૂળ સૂત્ર અને ઉપરના ચાર મળીને આગમના પાંચ અંગ બને છે.

એ સિવાય દીપિકા, અવચૂરિ વિ. સંક્ષિપ્ત સંસ્કૃત વિવેચનો પણ હોય છે.

ઉપરાંત સ્વતંત્ર પ્રકરણાદિ અનેક ગ્રંથો છે. કરોડો શ્લોક પ્રમાણ શ્રુત-જ્ઞાન આજે પણ ઉપલબ્ધ છે. હજારો પ્રતો કદાચ એવી છે કે જે એકે વાર વંચાઇ નથી.

છેલ્લી ૪-૫ સદીઓમાં કાળને અનુસારે મહોપાધ્યાય **વિનયવિજયજી** મ., મહોપાધ્યાય **યશોવિજયજી મ., વીરવિજયજી મ.** વિગેરે અનેક જ્ઞાની પુરુષોએ ગુજરાતી ભાષામાં પણ રાસ, પૂજા, ટબા, સ્તવન, સજ્ઝાય વિગેરે અનેક ગ્રંથોની રચના કરી છે.

હાલમાં પણ અનેક વિદ્વાનો સંસ્કૃત ભાષામાં હજારો શ્લોક પ્રમાણ સર્જન કરે છે.

**ચાર અનુયોગ** - આ સંપૂર્ણ શ્રુત ચાર અનુયોગમાં વહેંચાયેલું છે.

૧) **દ્રવ્યાનુયોગ** - જેમાં લોકનું અને તેમાં રહેલા પદાર્થોનું સ્વરૂપ જણાવાયું છે. દા.ત. **ભગવતી સૂત્ર** વિગેરે.

૨) **ચરણકરણાનુયોગ** - જેમાં હેય-ઉપાદેય અર્થાત્ આચરવા યોગ્ય, છોડવા યોગ્ય કાર્યોનું વર્ણન છે. દા.ત. **આચારાંગ સૂત્ર** વિગેરે.

૩) **ધર્મકથાનુયોગ** - જેમાં કથા-વાર્તાઓ-ચરિત્રો છે. દા.ત. **જ્ઞાતા-ધર્મકથા.**

૪) **ગણિતાનુયોગ** - જેમાં સૂર્ય-ચંદ્ર વિ.ની ગતિના ગણિત વિગેરે બતાવાયા છે. દા.ત. **સૂર્યપ્રજ્ઞપ્તિ** વિગેરે.

આમાં ચરણકરણાનુયોગ મોક્ષમાર્ગમાં સાક્ષાત્ ઉપયોગી છે. તે તો સ્પષ્ટ છે. તેથી તે પ્રધાન છે. બાકીના અનુયોગ તેની રક્ષક વાડ સમાન કહેવાયા છે.

ચરણકરણાનુયોગમાં કહેલા પદાર્થોને સરળતાથી સમજવા, યાદ રાખવા, દઢ કરવા ધર્મકથાનુયોગ ઉપયોગી છે. આપણે અનુભવીએ છીએ કે દૃષ્ટાંત દ્વારા પદાર્થ જલદી અને સારી રીતે સમજાય છે. જેમ સુપાત્રદાનનું ફળ કોઇએ કહ્યું હોય તે ભૂલી જવાય છે, પણ **શાલિભદ્ર**ને સુપાત્રદાનના પ્રભાવે ૯૯ દેવતાઇ પેટી રોજ ઉતરતી હતી, તે વાત ભૂલાતી નથી.

દ્રવ્યાનુયોગ પણ અનેક રીતે ઉપયોગી છે.

**અ.** ચરણકરણાનુયોગને સમજવા માટે દ્રવ્યાનુયોગનું જ્ઞાન જરૂરી છે. દા.ત. જીવહિંસા ત્યાજ્ય છે. તે ચરણકરણાનુયોગમાં આવશે. પણ જીવ ક્યાં છે, ક્યાં નથી ? શેનાથી હિંસા થાય ? વિ. વાતો દ્રવ્યાનુયોગમાં આવશે. તેના વિના એ ઉપદેશનું પાલન શક્ય નથી.

**બ.** દ્રવ્યાનુયોગમાં ઊંડાણ ઘણું હોય છે. તેના ચિંતનમાં મન અત્યંત એકાગ્ર બની જાય છે. તેથી સંકલ્પ-વિકલ્પોનો નાશ થાય છે અને પ્રચુર કર્મનિર્જરા થાય છે. ઉત્કૃષ્ટ ગણાતા શુક્લધ્યાનમાં દ્રવ્યાનુયોગના આધારે જ ચિંતન થતું હોય છે.

આ અપેક્ષાએ દ્રવ્યાનુયોગને શ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે.

ક. દ્રવ્યાનુયોગમાં બતાવેલા સૂક્ષ્મ પદાર્થોથી પ્રભુની સર્વજ્ઞતા પર દઢ શ્રદ્ધા થાય છે. સમ્યગ્દર્શન નિર્મળ થાય છે.

તેમ સ્યાદ્વાદના અભ્યાસથી પણ સમ્યગ્દર્શન નિર્મળ થાય છે.

ગણિતાનુયોગનો ઉપયોગ શુભકાર્યો માટે શુભ મુહૂર્ત જોવા આદિ માટે થાય છે.

અંતિમ ૧૦ પૂર્વધર વજસ્વામી થયા. તેમના પછી **આર્યરક્ષિતસૂરિ મ.** ૯।। પૂર્વ જ ભણી શક્યા. તેમણે જોયું કે તેમની પછીના સાધુઓ તેટલું પણ યાદ રાખી શકતા ન હોતા. તે કાળે ચારે અનુયોગ દરેક સૂત્રમાં હતા, પણ મંદબુદ્ધિના કારણે તે સમજવા અઘરા પડતા હોવાથી આર્યરક્ષિતસૂરિ મહારાજે ચારે અનુયોગ જુદા કરી નાખ્યા અને તેના સૂત્રો નિશ્ચિત કરી દીધા.

**મોક્ષમાર્ગમાં શ્રુતજ્ઞાનની ઉપયોગિતા** - મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ છે. તેથી જ્ઞાન મોક્ષમાર્ગમાં અનિવાર્ય છે.

જ્ઞાનથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શનના કારણ રૂપે અધિગમ-ગુરૂનો ઉપદેશ બતાવાયો છે, જે શ્રુતજ્ઞાન રૂપ છે.

તેમ જ્ઞાનથી સમ્યગ્દર્શનની નિર્મળતા થાય છે, તે પૂર્વે જણાવ્યું છે.

ચારિત્રના પાલન માટે પણ જ્ઞાન આવશ્યક છે. શાસ્ત્રકારે કહ્યું જ છે - 'પહેલું જ્ઞાન અને પછી દયા.' જેને આચારનું જ્ઞાન નથી તે આચાર પાળે શી રીતે ? જેને જીવો ક્યાં છે તે ખબર નથી, તે જીવોને બચાવે શી રીતે ?

જ્ઞાન વિના ચારિત્રનું પાલન શક્ય નથી.

એટલે જ શાસ્ત્રકારોએ ઠેર-ઠેર જ્ઞાનને પ્રાધાન્ય આપ્યું છે.

સાધુ ભગવંતોને દિવસ-રાતમાં થઇને પાંચ પ્રહર (૧૫ કલાક) સ્વાધ્યાય જ કરવાનો છે.

જ્ઞાન ભણવા માટે જરૂર પડે તો લાંબા વિહારો કરીને (તેમાં અનિવાર્યપણે દોષો સેવવા પડે તો સેવીને પણ) દૂર સુધી જવાનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

**સ્થૂલભદ્ર** સ્વામી વિગેરે ભણવા માટે નેપાળ ગયા હતા. **હીરસૂરિજી** મહારાજ દક્ષિણમાં **દેવગિરિ, યશોવિજયજી ઉપાધ્યાય કાશી** ગયા હતા.

પોતાના ગુરુ ભણાવી શકે તેમ ન હોય તો તેમની રજા લઇને બીજાની પાસે ભણવા જવાની પણ છૂટ આપવામાં આવી છે.

પર્યાપ્ત પ્રમાણમાં અભ્યાસ કરી ચૂકેલા સાધુને 'ગીતાર્થ' કહેવામાં આવે છે. જે સાધુ 'ગીતાર્થ' નથી તેને સ્વતંત્ર વિચરવાની મનાઇ કરવામાં આવી છે. ગીતાર્થની આજ્ઞામાં રહેવું અને બધું જ તેમને પૂછીને, તેમણે કહ્યા મુજબ કરવું ફરજિયાત છે.

સાધુને તપ પણ એ રીતે જ કરવાનો છે, જેથી જ્ઞાનની-સ્વાધ્યાયની હાનિ ન થાય.

વિહાર અને સ્થિરતા માટેની ક્ષેત્રોની પસંદગી કરવામાં પણ જ્ઞાનની હાનિ ન થાય, તે જોવાનું શાસ્ત્રકારોએ જણાવ્યું છે.

ઘણાં સાધુઓ સાથે વિચરે તેમાં ઘણાં દોષોની સંભાવના હોય છે.

છતાં તેમાં જ્ઞાનની વૃદ્ધિ થતી હોવાથી તેનો જ ઉપદેશ કરવામાં આવ્યો છે.

આમ સર્વત્ર જ્ઞાનને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આત્મહિતેચ્છુ જીવોએ જ્ઞાનપ્રાપ્તિ-વૃદ્ધિ અને રક્ષણ માટે અવશ્ય પ્રયાસ કરવો જોઇએ.

## શ્રુતજ્ઞાનના વિવિધ પ્રકારો

**અ. પદાર્થ-વાક્યાર્થ-મહાવાક્યાર્થ-ઐદંપર્યાર્થ...**

**૧. પદાર્થ** - શબ્દોના આધારે વાક્યનો અર્થ કરવો તે. સાદો અર્થ તે પદાર્થ છે.

**૨) વાક્યાર્થ** - પ્રસ્તુત વાક્યનો જે અર્થ થયો, તેનાથી ભિન્ન કે વિપરીત અર્થ ધરાવતા બીજા શાસ્ત્રવચનોના આધારે વિચારણા કરવી, પ્રશ્નો ઊભા કરવા. દા.ત. 'જીવહિંસા ત્યાજ્ય છે' આવા શાસ્ત્રવચનનો સાદો અર્થ સ્પષ્ટ છે. હવે પછી વિચારે કે શ્રાવકોને તો પુષ્પાદિ દ્રવ્યોથી પ્રભુની પૂજા કરવાનું કહ્યું છે. તેમાં પુષ્પના જીવોની હિંસા તો થાય જ છે. તો પછી તે બંને વાક્યો પરસ્પર વિરોધી થયા. તેમાં સાચું શું ?

**૩) મહાવાક્યાર્થ** - વાક્યાર્થમાં ઉપસ્થિત થયેલા વિરુદ્ધ અર્થ ધરાવતા બે વચનોનો સ્યાદ્વાદ શૈલીથી સમન્વય કરવો. ઉપરોક્ત બે વચનોમાં વિચારે કે અનુબંધ હિંસા (જે રાગ-દ્વેષ જનિત છે) જ ત્યાજ્ય છે, પ્રભુપૂજામાં સ્વરૂપહિંસા છે, અનુબંધહિંસા નથી, તેથી તે ત્યાજ્ય નથી. એટલે બંને જુદી જુદી અપેક્ષાએ યોગ્ય છે.

**૪) ઐદંપર્યાર્થ** - દરેક પદાર્થમાં છેલ્લે તો જિનવચન જ અંતિમ સત્ય છે, એવું જ્ઞાન. આજ્ઞાપાલન તે જ ધર્મ અને આજ્ઞાભંગ તે જ અધર્મ, આવી સમજણ... ઉપરોક્ત વાતમાં વિચારે કે શા માટે પ્રભુપૂજામાં અનુબંધહિંસા નથી ? તો કારણ એ કે પ્રભુની આજ્ઞા છે કે પૂજા કરવી-તેને કારણે પૂજા કરે તેમાં અનુબંધથી હિંસા નથી. વિગેરે.

**બ. શ્રુત-ચિંતા-ભાવના જ્ઞાન.**

શ્રુતજ્ઞાન - પદાર્થજ્ઞાન રૂપ છે.

ચિંતાજ્ઞાન - વાક્યાર્થ-મહાવાક્યાર્થ રૂપ છે.

ભાવનાજ્ઞાન - ઐદંપર્યાર્થરૂપ છે.

**ક. વિષયપ્રતિભાસ - આત્મપરિણતિમત્ - તત્ત્વસંવેદન** જ્ઞાન.

૧) **વિષયપ્રતિભાસ જ્ઞાન** - મિથ્યાત્વી જીવને, જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી જે જ્ઞાન થાય, તે વિષયપ્રતિભાસ જ્ઞાન છે. તેમાં પદાર્થનું જ્ઞાન થાય છે, પણ તે આત્માને હિતકર કે અહિતકર ? હેય કે ઉપાદેય ? તેનું જ્ઞાન નથી હોતું. દા.ત. ધનમાં આખી દુનિયા ખરીદવાની શક્તિ છે, આવું જ્ઞાન હોય, પણ પરિગ્રહ-લોભને દુર્ગતિના કારણ તરીકે ન જાણે તો તે વિષયપ્રતિભાસ જ્ઞાન છે. વસ્તુતઃ તે અજ્ઞાન જ છે.

૨) **આત્મપરિણતિમત્ જ્ઞાન** - મિથ્યાત્વ મોહનીય અને જ્ઞાનાવરણ બંનેના ક્ષયોપશમથી આત્મપરિણતિમત્ જ્ઞાન થાય છે.

તેમાં આત્માના હિત-અહિતનો વિચાર હોય છે, તેનું સાચું જ્ઞાન હોય છે, પણ ચારિત્ર મોહનીયના ઉદયને કારણે આચરણ ન હોય.

દા.ત. ધનને દુર્ગતિનું કારણ માને, પણ છોડી ન શકે. લોભ પ્રબળ હોય.

આ જ્ઞાન અવિરત સમ્યક્ત્વીને હોય.

૩) **તત્ત્વસંવેદન જ્ઞાન** - મિથ્યાત્વ મોહનીય, જ્ઞાનાવરણ અને ચારિત્ર મોહનીય ત્રણેના ક્ષયોપશમથી આ જ્ઞાન થાય છે. તેમાં પદાર્થની સાચી હેયતા-ઉપાદેયતા જાણીને હેય પદાર્થોનો ત્યાગ કરે, ઉપાદેયમાં પ્રવૃત્તિ કરે. આ જ્ઞાન મુખ્યત્વે સાધુ ભગવંતોને હોય છે.

**૬. અક્ષર-અનક્ષર શ્રુત**

i) **અક્ષરશ્રુત** - 'ક'-'ખ' વિગેરે અક્ષરોથી થતું જ્ઞાન તે અક્ષરશ્રુત છે. અક્ષરના ૩ પ્રકાર છે.

૧) **વ્યંજનાક્ષર** - બોલાતાં-ઉચ્ચારાતાં 'ક' વિગેરે અક્ષરો.

૨) **સંજ્ઞાક્ષર** - લખાયેલા 'ક' વિગેરે અક્ષરો.

બંનેમાં ફરક એ છે કે ભાષા કોઇ પણ હોય, 'ક' નો ઉચ્ચાર એકસરખો 'ક' જ થશે. વ્યંજનાક્ષર સમાન જ રહેશે. જ્યારે લખવામાં જુદું જુદું આવશે. ગુજરાતીમાં 'ક', દેવનાગરીમાં **'क'** અંગ્રેજીમાં `K' આ રીતે સંજ્ઞાક્ષર જુદા જુદા હોય છે.

૩) **લબ્ધિ-અક્ષર** - શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ, કે જેનાથી અક્ષર સાંભળતા કે વાંચતા અક્ષરનું જ્ઞાન થાય, અથવા સાંભળીને / વાંચીને થતું અક્ષરનું જે જ્ઞાન, તે લબ્ધ્યક્ષર.

**ii) અનક્ષર શ્રુત** - ઉચ્છ્વાસ-નિઃશ્વાસના અવાજથી શોકયુક્ત છે, તેવું જ્ઞાન થાય. બગાસુ આવવાના અવાજથી કંટાળો આવે છે, કંટાળાજનક છે, તેવું જ્ઞાન થાય, આ બધું અક્ષરરહિત અવાજના સાંભળવાથી થતું હોવાથી અનક્ષરશ્રુત છે.

**ઇ. દ્રવ્ય-ભાવશ્રુત**

**દ્રવ્યશ્રુત** - પુસ્તકાદિમાં લખાયેલા અક્ષરો કે ઉચ્ચારાતા અક્ષરો.

**ભાવશ્રુત** - તે અક્ષરોના આધારે થતું જ્ઞાન.

❑ **સ્વાધ્યાયના પાંચ પ્રકાર–**

**૧) વાચના** - ગુરુ પાસેથી વિધિપૂર્વક શ્રુત ગ્રહણ કરવું.

**૨) પૃચ્છના** - જેમાં શંકા હોય તે પૂછવું.

**૩) પરાવર્તન** - શ્રુતનું પુનરાવર્તન કરવું (બોલીને)

**૪) અનુપ્રેક્ષા** - શ્રુત ઉપર ચિંતન કરવું અથવા માનસિક પરાવર્તન કરવું.

**૫) ધર્મકથા** - બીજાને ઉપદેશ કરવો.

❋ **અજ્ઞાનના ત્રણ પ્રકાર**

**૧) સંશય** - વસ્તુનો નિર્ણય ન થાય, શંકા જ રહે. દા.ત. આ દોરડું છે કે સાપ ?

**પ્રશ્ન** - આવી વિચારણાને તો ઇહારૂપ જ્ઞાન જણાવ્યું છે.

**ઉત્તર** - ઇહા અને સંશયમાં ફરક એ છે કે જે વિચારણાને અંતે નિર્ણય થાય તે ઇહા છે, અને જેમાં અંતે પણ કોઇ નિર્ણય ન જ થાય, શંકા ઊભી રહે તે સંશય છે.

**૨) વિપર્યય** - વસ્તુનો વિપરીત બોધ થાય. દા.ત. દોરડાને સાપ માની લે.

**૩) અનધ્યવસાય** - ઉપયોગ ન હોવાથી વસ્તુનો બોધ જ ન થાય. દા.ત. વિચારમાં રહેલા માણસની સામેથી કોઇ ચીજ પસાર થાય તો પણ તેનું જ્ઞાન થતું નથી.

◆ **જ્ઞાનના અન્ય પ્રકારો**

**પ્રત્યભિજ્ઞા** - કોઇ વસ્તુને જોયા પછી, ફરી વાર દેખાય ત્યારે 'આ પહેલાં જે વસ્તુ જોઇ હતી, તે જ છે.' આ રીતે ઓળખી લેવું તે.

**અનુમિતિ** - જે બે વસ્તુ વચ્ચે અવિનાભાવ સંબંધ હોય, તેમાંની એકને જોતા, બીજી પણ છે જ એવું જ્ઞાન થાય તે. [બે વસ્તુ સાથે જ રહેતી હોય, એકના વગર બીજી ન જ રહેતી હોય તે અવિનાભાવ સંબંધ. દા. ત. અગ્નિના અભાવમાં ધૂમાડો ન રહે. ]

દા.ત. ધૂમાડો દેખાવાથી જ 'આગ લાગી છે' તેવું જ્ઞાન થઇ જાય છે.

◆ **સમ્યગ્-મિથ્યા શ્રુત**

સમ્યક્ શ્રુત - જૈન શાસનના શાસ્ત્રો.

મિથ્યા શ્રુત - અન્ય ધર્મોના શાસ્ત્રો, લૌકિક ગ્રંથો અથવા

સમ્યક્ શ્રુત - સમકિતી જીવનું જ્ઞાન - ભલે તે કોઇપણ વિષયનું હોય.

મિથ્યા શ્રુત - મિથ્યાત્વી જીવનું જ્ઞાન - ભલે તે જૈન ધર્મનું હોય.

## જ્ઞાનાવરણ કર્મ બાંધવાના કારણો

૧) જ્ઞાનના ઉપકરણો (પુસ્તક, પેન, કાગળ વિ.) ની આશાતના

- ખાતાં-પીતાં-સૂતાં વાંચવા.
- ગમે ત્યાં રખડતા મૂકવા, ફેંકવા.
- પગ લગાડવો, થૂંક લગાડવું.
- કાગળ પર ખાવું.
- કાગળ ફાડવા, સાપડા વિગેરે પડવાથી તૂટવા.
- ઉપકરણો તરફ પગ કરીને અનાદરથી બેસવું, સૂવું.

૨) એંઠા મોંઢે બોલવું.

૩) બહેનોએ અંતરાય (M.C.)માં વાંચવું-લખવું વિગેરે.

૪) ભણનારાને અંતરાય કરવો.

- ભણતો હોય તો અવાજ કરવો. (ઉપાશ્રયમાં મોબાઇલ પર વાત કરવી.)
- પુસ્તક વિગેરે ખોવાડી, બગાડી નાખવા.
- ભણતાં હોય તે સમયે વિશિષ્ટ કામ ન હોય તો પણ વાતો કરવી, બોલાવવા.

૫) ભણવા-ભણાવવાની અનુકૂળતા હોવા છતાં આળસ કરવી.

૬) જ્ઞાનીની-ગુરુની-શિક્ષકની નિંદા-અવહેલના-મશ્કરી કરવી, તેમને હેરાન-પરેશાન કરવા.

૭) શ્રુતજ્ઞાન-જિનવચનની ('આ બધું બોગસ છે' વિગેરે રૂપ) નિંદા કરવી.

# શ્રુતજ્ઞાનનું આદાન-પ્રદાન

મતિ વિગેરે ચાર જ્ઞાનોથી વ્યક્તિ પોતે જાણી શકે છે, પણ પોતે જાણેલું બીજાને જણાવવા માટે તો શબ્દોનો-શ્રુતનો જ સહારો લેવો પડે છે. એટલે શ્રુતજ્ઞાન જ વ્યવહારમાં ઉપયોગી છે, સ્વ-પર પ્રકાશક છે. તેનું જ આદાન-પ્રદાન થઇ શકે છે. તેના આદાન-પ્રદાનનો વિધિ લેશથી જણાવાય છે.

**પ્રદાન** - ગીતાર્થ ગુરુ જ શ્રુતજ્ઞાનનું પ્રદાન કરવાના અધિકારી છે. તેમણે પણ શ્રોતાની પાત્રતા જોઇને જ આપવાનું છે. અપાત્રને શ્રુત આપનાર કે પાત્રતાથી વધુ-ઓછું આપનાર ગુરુ પણ દોષના ભાગીદાર થાય છે.

ભદ્રબાહુસ્વામીએ શ્રુતનો વિચ્છેદ સ્વીકારી લીધો પણ સ્થૂલિભદ્રજીની પાત્રતા ઓછી જણાતાં છેલ્લા ચાર પૂર્વ અર્થથી ન જ આપ્યા.

પહેલી વારમાં સૂત્ર અને સામાન્ય અર્થ (શબ્દાર્થ) કહેવા.

બીજી વારમાં નિર્યુક્તિમિશ્રિત અર્થ (વિશેષાર્થ) કહેવો.

ત્રીજી વારમાં સંપૂર્ણ અર્થ કહેવો.

**ગ્રહણ** - શ્રુતજ્ઞાન ગુરુને આધીન છે-ગુરુ પાસેથી જ મળે છે. એટલે શિષ્યએ ગુરુની સર્વ પ્રકારે ભક્તિ-વિનય કરવા જોઇએ. તેનાથી જ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ થાય છે અને જ્ઞાન પ્રાપ્તિ થાય છે.

વાચના સમયે ગુરુનું આસન પાથરવું, તેમને જરૂરી અન્ય સામગ્રીઓ બાજુમાં તૈયાર રાખવી, સ્થાપનાચાર્ય પધરાવવા, ગુરુ પધારે તે પહેલાં આવી જવું, ગુરુ આવે ત્યારે ઊભા થવું, વિધિવત્ ગુરુને વંદન કરવું. આ બધો ગ્રહણ પૂર્વેનો વિધિ છે.

હાથ જોડીને, વિસ્મિત-હર્ષસભર એકાગ્ર ચિત્તે સાંભળવું, ગુરુની દરેક વાતમાં તહત્તિ કરવું-હોંકારો આપવો વિગેરે શ્રવણનો વિધિ છે.

વાચના પૂર્ણ થયા બાદ પુનઃ ગુરુને વંદન કરવું, સુખશાતા પૂછવી, તેમના સ્થાને લઇ જવા, આસન વિગેરે પાથરવું, સામગ્રીઓ મૂકવી પણ વિનય છે.

પુસ્તકમાંથી વાંચીને ભણવાનું હોય તો પણ ગ્રંથકર્તા અને પોતાને ભણવાની અનુજ્ઞા આપનાર ગુરુને યાદ કરીને વંદન કરવું, પુસ્તકને બહુમા-

નપૂર્વક યોગ્ય સ્થાને પધરાવવું વિગેરે રૂપ વિનય કરવો જોઇએ. ન સમજાય, શંકા રહે ત્યાં વિનયપૂર્વક ઔચિત્યપૂર્વક પૂછવું જોઇએ.

'ગુરુને ખબર નથી-સમજાવતા આવડતું નથી' વિગેરે સ્વરૂપ માનસિક કે વાણીથી આશાતના અવશ્ય ત્યાગવી.

**ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞા** - ગુરુ શિષ્યને ભણાવે ત્યારે આ ક્રમથી ભણાવે છે.

**૧) ઉદ્દેશ** - પહેલાં સૂત્ર સંભળાવે અને ભણવાની રજા આપે.

**૨) સમુદ્દેશ** - શિષ્ય સૂત્ર ભણે એટલે ગુરુને સંભળાવે. ગુરુને તે શુદ્ધ-બરાબર લાગે તો પુનરાવર્તન કરીને-ગોખીને યાદ કરી લેવા કહે.

**૩) અનુજ્ઞા** - શિષ્ય બરાબર ગોખી લે, શુદ્ધ રીતે સંભળાવે એટલે પછી તે સૂત્ર બીજાને ભણાવવાની રજા આપે.

**અસજ્ઝાય** - અમુક સંયોગોમાં સ્વાધ્યાય કરવાનો નિષેધ કરવામાં આવેલો છે, તેને અસજ્ઝાય કહેવામાં આવે છે. મુખ્યત્વે અસજ્ઝાય આટલી છે.

૧) સવારે સૂર્યોદય પૂર્વે ૪૮ મિનિટ.

૨) સાંજે સૂર્યાસ્ત પછી ૪૮ મિનિટ.

૩) મધ્યાહ્ન પૂર્વે અને પછી ૨૪ મિનિટ.

૪) મધ્યરાત્રિ પૂર્વે અને પછી ૨૪ મિનિટ.

૫) ત્રણે ચોમાસી ચૌદશ (કારતક, ફાગણ, અષાડ સુદ ૧૪) ના બપોરે ૧૨ વાગ્યાથી વદ બીજના સૂર્યોદય સુધી.

૬) ચૈત્ર અને આસો સુદ પાંચમના બપોરે ૧૨ વાગ્યાથી વદ બીજ ના સૂર્યોદય સુધી.

૭) અકાળે (આર્દ્રા નક્ષત્રમાં સૂર્યના પ્રવેશ પૂર્વે) વરસાદ પડે કે વાદળાની ગડગડાટી, વીજળીના કડાકા થાય, તો ત્યારથી ૨ પ્રહર.

૮) સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ સમયે. (વિશેષ ગુરુગમથી જાણવી.)

૯) ૧૦૦ ડગલાંની અંદર મનુષ્યનું શુદ્ધ લોહી, માંસ, હાડકા, ચામડી, દાંત વિગેરે પડ્યા હોય. (મૂળ સાથેના વાળ, કપાઇ ગયેલો જીવતો નખ)

૧૦) ૬૦ ડગલાંની અંદર પંચેન્દ્રિય તિર્યંચનું કલેવર, લોહી, હાડકા વિગેરે હોય, ફૂટેલું ઇંડું હોય.

૧૧) ધૂમ્મસ હોય ત્યારે.

◆ અસજ્ઝાયમાં મુખ્યત્વે આગમો, પૂર્વધર મહર્ષિકૃત ગ્રંથોનું પઠન-પાઠનાદિ કરવાનું નથી. તેનું જ માનસિક પરાવર્તન (બોલ્યા વિના) કરવાનો નિષેધ નથી.

તેમ બીજા ગ્રંથો, ગુજરાતી સ્તવનો વિગેરેના પઠનાદિનો પણ નિષેધ નથી.

આનો વિસ્તાર ગુરુગમથી જાણવો.

અસજ્ઝાયના સમયે સ્વાધ્યાય કરવાથી મિથ્યાત્વી દેવતા ઉપદ્રવ કરે, તેથી સ્વાધ્યાય કરવાનો નથી.

**ઉચ્ચારશુદ્ધિ** - સૂત્રોના ઉચ્ચાર શુદ્ધ કરવા જોઇએ. અશુદ્ધ ઉચ્ચારથી અર્થનો અનર્થ થાય અને ઘણાં નુકસાનો થઇ શકે. અશુદ્ધ ઉચ્ચાર કરનાર એક પ્રકારે સૂત્રનો નાશ'જ કરતો હોઇ, તેને સૂત્ર આપવાનો જ શાસ્ત્રકારોએ નિષેધ કરેલો છે.

**નય-પ્રમાણ જ્ઞાન** - જૈન દર્શન દરેક વસ્તુમાં અનંત ધર્મો (અલગ-અલગ પ્રકારના સ્વભાવ) માને છે.

જ્યારે વસ્તુના સર્વધર્મોનું જ્ઞાન થાય ત્યારે તે પ્રમાણ કહેવાય છે.

**પ્રશ્ન** - તેવું જ્ઞાન તો કેવલિને જ થાય.

**ઉત્તર** - સમકિતી જીવોને કેવલિના વચન પર શ્રદ્ધા હોય છે. તેના દ્વારા તેમને પણ જે જ્ઞાન થાય છે, તેમાં વસ્તુના અનંતધર્મોનો સ્વીકાર હોય છે, તેથી તેમનું જ્ઞાન પણ પ્રમાણ હોય છે.

જ્યારે વસ્તુના કોઇ એકાદ ધર્મનું જ્ઞાન થાય, ત્યારે તે 'નય' કહેવાય છે.

જેમ કે ઘડો દેખાતાં-આ ઘડો છે. ભૂતકાળની અપેક્ષાએ માટી (કે અન્ય પાણી વિગેરેના પુદ્ગલ રૂપ) પણ છે, ભવિષ્યકાળની અપેક્ષાએ ઠીકરું (કે અન્ય પુદ્ગલરૂપ) પણ છે, વિગેરે બધા ધર્મોનું જ્ઞાન હોય તે પ્રમાણ છે. માત્ર 'ઘડો છે' એવું જ્ઞાન થાય તો તે નય છે.

જે નયમાં પોતાને માન્ય ધર્મનો સ્વીકાર હોય અને તેનાથી વિરુદ્ધ બીજા ધર્મોનું ખંડન હોય તે 'દુર્નય' બને છે.

દા.ત. 'આ ઘડો જ છે, માટી કે ઠીકરું નથી જ' તેવું માને તો તે દુર્નય છે.

દુર્નયોમાંથી જ બીજા બધા (બૌદ્ધ, સાંખ્ય વિ.) દર્શનોની ઉત્પત્તિ થઇ છે. તે અભિનિવેશ / અભિગ્રહ રૂપ છે, મિથ્યાત્વ છે.

જે નયમાં પોતાને માન્ય ધર્મથી વિરુદ્ધ ધર્મનું ખંડન ન હોય તે સુનય છે. સુનય જૈનદર્શનને માન્ય છે. વસ્તુતઃ વ્યવહારમાં સર્વત્ર નયનો જ પ્રયોગ થતો હોય છે.

**જ્ઞાનનું જ્ઞાન** - જૈન દર્શનના મતે જ્ઞાન સ્વપ્રકાશક છે એટલે જ્ઞાન પોતે જ પોતાને જણાવે છે.

અર્થાત્ જ્યારે ઘટ દેખાય ત્યારે 'આ ઘડો છે' એવું જ્ઞાન થતાંની સાથે જ 'મને ઘડો દેખાયો / મેં ઘડો જોયો / મને ઘડાનું (ચાક્ષુષ મતિ)જ્ઞાન થાય' આવું જ્ઞાન થઇ જ જાય છે. નૈયાયિકોના મતે જ્ઞાનનું જ્ઞાન-અનુવ્યવ-સાયજ્ઞાન પાછળથી થાય છે. અર્થાત્ પ્રથમક્ષણે 'આ ઘડો છે' એવું જ્ઞાન થયા પછી બીજી ક્ષણે 'મને ઘડાનું જ્ઞાન થયું' તેવું જ્ઞાન થાય છે.

## જ્ઞાનપ્રાપ્તિના ઉપાયો

૧) જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના ઉપકરણો (પુસ્તક, પેન વિ.) પ્રત્યે હાર્દિક બહુમાન.

૨) જ્ઞાનનું પૂજન.

૩) જ્ઞાનના લેખન, છપાઇ (પ્રિન્ટીંગ) વિ.માં આર્થિક સહયોગ.

૪) જ્ઞાનની સુરક્ષા, વ્યવસ્થિત સંગ્રહ વિ.માં સહાય અર્થાત્ જ્ઞાનભંડારોની જાળવણી.

૫) જ્ઞાની મહાત્માઓની અનેક પ્રકારે ભક્તિ.

૬) જ્ઞાનાભ્યાસ કરનારને સહાય-અનુકૂળતા કરી આપવી-જગ્યા, પંડિતો, પુસ્તકો વિ. સામગ્રી ઉપલબ્ધ કરવી.

૭) પાઠશાળામાં ભણનારને પ્રોત્સાહન, બહુમાન.

૮) જ્ઞાનદાતાનું બહુમાન.

૯) જ્ઞાનપંચમી તપ, ખમાસમણ, કાઉસ્સગ્ગ વિ. દ્વારા જ્ઞાનની આરાધના.

૧૦) ગોખવું, ભણવું, વાંચવું, પુનરાવર્તન કરવું વિ. પુરુષાર્થ.

૧૧) સારી રીતે ભણેલા હોય તો બીજાને આળસ વિના સમય આપીને ભણાવવા.



કેવળજ્ઞાન




ગુરૂ મહારાજની
પાસે
જ્ઞાનની પ્રાપ્તિ
तीन प्रकार की परिषद्
३. दुर्विदग्धा परिषद्
अविनीत श्रोता
१. ज्ञायिका परिषद्
विधिपूर्वक श्रोता
२. अज्ञायिका परिषद् अविधियुक्त श्रोता




श्री ભુવનભાનુ
પદાર્થ
પરિચય
શ્રેણિ

પ્રકાશક

જૈનમ્ પરિવાર

SHUBHAY
Cell:98205 30299